તંત્રી સ્થાનેથી

*વિશ્વને જરૂરત છે ઈસ્લામની ..*

➲એટલા માટે કે ઈસ્લામ એક સર્વાંગી જીવન પદ્ધતિ ધરાવે છે.

➲એટલા માટે કે ઈસ્લામની પદ્ધતિ ખુદાઈ– ઈશ્વરીય હોવાના કારણે સર્વાંગી હોવાની સાથો સાથ અચલ–અટલ અને દીર્ઘાયુ છે.

➲એટલા માટે કે એમાં માનવીય જરૂરતોનો પૂરતો ખ્યાલ રાખવા સહિત એના માળખાને માનવીની ઈચ્છા–મનેચ્છા પર નથી છોડવામાં આવ્યું કે સત્તાના જોરે, બહુમતિના સહારે એમાં ફેરફાર કરી દેવાય.

➲અને વિશેષ કરી એટલા માટે કે તે સૃષ્ટિના સર્જક, સ્વામી અને પાલનહારે દર્શાવેલ છે, ખુદાની દુનિયામાં ખુદા સિવાય અન્યોના હુકમો પાળવા, કે મનેચ્છાઓ પોષવી કેમ કરી યોગ્ય હોય શકે ?

અલ્લાહના રસુલ સસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે,

હે લોકો ! તમારી સ્ત્રીઓના તમારા ઉપર અધિકારો છે અને એમના ઉપર પણ તમારા અધિકારો છે, એમના ઝિમ્મે તમારો હક આ છે કે તેણીઓ તમારા બિસ્તર ઉપર કોઈ અન્યને સુવા ન દે, તેણીઓ કોઈ બદકાર્ય ન કરે, જો તેણીઓ એમ કરે તો અલ્લાહ તમને અધિકાર આપે છે કે એમને તમારા બિસ્તરાથી જુદી કરી દયો અને હળવી સજા આપો, જો ત્યાર પછી તેણીઓ સુધરી જાય તો સિધ્ધાંત પ્રમાણે એમનો હક એને આપો. તેણીઓ તમારી પાસે અલ્લાહની અમાનત છે.

કુર્આન શરીફમાં સુરએ અન્આમ આયત ૧૫૧/૧૫૩માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, *હે મુહમ્મદ એમનાથી કહો કે આવો, હું તમને સંભળાવું કે તમોને તમારા પરવરદિગારે કંઈ વસ્તુઓના પાબંદ બનાવ્યા છે.*

*– એની સાથે કોઈને શરીક ન કરો.*

*– વાલીદૈન સાથે સદવર્તન દાખવો.*

*– તમારી અદલાદને ગરીબીની બીકે મારી ન નાંખો.*

*– બેશરમી ભર્યા કાર્યોની નિકટ પણ ન જાઓ, ચાહે તે છુપી હોય કે જાહેર હોય,*

*– અલ્લાહે હરામ ઠરાવેલ કોઈના પ્રાણને હલાક ન કરો, સિવાય એ કે હકથી હોય.*

*– યતીમના માલ પાસે ન જાઓ, અલબત્ત એવી રીતે જે બેહતર હોય, (યતીમના માલની આવી સાચવણી) એના જવાન થવા સુધી કરો.*

*– માપ તોલમાં ન્યાયથી વર્તો.*

*– જયારે પણ વાત કરો, ઈન્સાફની કરો, તમારા સગાનો મામલો કેમ ન હોય ?*

*– અલ્લાહ સાથે કરેલ કરારને પાબંદ રહો.*

•••••••

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)
**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.
(બ્લેકબર્ન. યુ.કે.)

૧૧૮

## રૂકૂઅ અને સજદહમાં કુર્આન મજીદ પઢવામાં ન આવે

(١٥٢) عَنْ اِبْنِ عَبَّاسٍ رض قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلَا اِنِّىْ نُهِيْتُ اَنْ اَقْرَأَ الْقُرْآنَ رَاكِعاً اَوْ سَاجِداً فَاَمَّا الرُّكُوْعُ فَعَظِّمُوْا فِيْهِ الرَّبَ وَاَمَّا السُّجُوْدُ فَاجْتَهِدُوْا فِى الدُّعَاءِ فَقَمِنٌ اَن يُّسْتَجَابَ لَكُمْ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: મને રોકવામાં આવ્યો છે કે હું રૂકૂઅ અને સિજદામાં કુર્આન પાકની તિલાવત કરૂં. બસ રૂકુઅમાં તો તમો લોકો પોતાના માલિક અને પરવરદિગારની મોટાઈ અને બળાઈ બયાન કર્યા કરો. અને સિજદામાં દુઆની ખૂબ કોશિષ કરો. સિજદાની દુઆ (ખાસ કરી) કબૂલ થવાની વધુ હકદાર છે.

ખુલાસો :– જેમકે જાણવામાં આવ્યું કે કુર્આન પાકની કિરાઅત નમાઝનો અગત્યનો રૂકન છે. પરંતુ તેની જગ્યા કિયામ (ઉભા રહેવાની હાલત) છે. અને કલામે ઈલાહી ત્થા ફરમાને ખુદાવંદીની શાન એ છે કે તેની તિલાવત અને કિરાઅત ઉભા રહેવાની હાલતમાં જ થાય. (શાહી ફરમાનો ઉભા થઈને જ વાંચવાનો નિયમ છે.) અને રૂકુઅ, સિજદા માટે એ જ યોગ્ય છે કે તેમાં અલ્લાહની તસ્બીહ અને બુઝુર્ગી, પોતાની બંદગી અને આજિઝીનો દેખાવ અને અલ્લાહના દરબારમાં દુઆ ત્થા ઈસ્તિગ્ફાર હોય, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો અમલ પણ લાંબી મુદત સુધી એ જ મુજબ રહ્યો, અને આ હદીષમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મૌખિક પણ એની સુચના આપી છે.

તે હદીષો ઉપર વર્ણન થઈ ચુકી છે જેમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સિજદામાં "સુબ્હારબ્બિયલ આ'અલા" પઢવાની સુચના અને શિખામણ આપી છે. અને એ જ મુજબ આપનો અમલ પણ જાણવામાં આવ્યો, અહીંયા આ હદીષમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સિજદામાં દુઆ કરવાની તાકીદ ફરમાવી છે. અને બંનેમાં કોઈ વિરોધાભાસ કે વિવાદ નથી. વાત એમ છે કે દુઆ અને સવાલની એક સીધી અને ખુલ્લી રીત એ છે કે માણસ ખુલ્લી રીતે પોતાની જરૂરત માંગે, અને એક રીત એ પણ છે કે જેની પાસે માંગવું હોય, ફકીરો માફક તેના ગુણ અને કમાલના ગીતો ગાય. આપણા આ જગતમાં પણ ઘણા લોકો આ રીતે માંગે છે.

મતલબ કે એ પણ દુઆની એક ખાસ રીત છે. એ જ કારણે એક હદીષમાં " اَلحَمدُ لِلّٰه "ને અફઝલ દુઆ કહી છે. (તિર્મિઝી) એ હિસાબે " الحمدُ لله " પણ એક દુઆનો કલ્મો છે. અને જે માણસ સિજદામાં માત્ર એ જ કલ્મો વારંવાર અલ્લાહના દરબારમાં અરજ કરે છે. તેનો સિજદો પણ દુઆથી ખાલી નથી જ. પરંતુ સિજદાની જે દુઆઓ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત અને મસ્નૂન છે (જે હાલમાં ઉપર વર્ણન થઈ છે.) ખુલ્લી વાત છે કે એ હિસાબે તેની શાન જ નિરાલી છે.

## સજદાની ફઝીલત

(١٥٣) عَنْ مَعْدَان بْنِ طَلْحَةَ رض قَالَ لَقِيتُ ثَوْبَانَ مَوْلٰى رَسُوْلِ اللّٰهِ ﷺ فَقُلْتُ اَخْبِرْنِى بِعَمَلٍ اَعْمَلُهٗ يُدْخِلُنِىَ اللّٰهُ بِهِ الْجَنَّةَ فَسَكَتَ ثُمَّ سَأَلْتُهٗ فَسَكَتَ ثُمَّ سَأَلْتُهُ الثَّالِثَةَ فَقَالَ سَأَلْتُ عَنْ ذَالِكَ رَسُوْلَ اللّٰهِ ﷺ فَقَالَ عَلَيْكَ بِكَثْرَةِ السُّجُوْدِ لِلّٰهِ فَاِنَّكَ لَا تَسْجُدُ لِلّٰهِ سَجْدَةً اِلَّا رَفَعَكَ اللّٰهُ بِهَا دَرَجَةً وَحَطَّ بِهَا عَنْكَ خَطِيْئَةً قَالَ مَعْدَانُ ثُمَّ لَقِيْتُ اَبَا الدَّرْدَاءِ فَسَأَلْتُهٗ فَقَالَ لِىْ مِثْلَ مَا قَالَ ثَوْبَانُ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત મઅદાન બિન તલ્હા તાબિઈનું બયાન છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આઝાદ કરેલા ગુલામ અને ખાદિમે ખાસ હઝરત સૌબાન (રદિ.)થી મારી મુલાકત થઈ તો મેં તેમને પુછયું કે મને એવો અમલ બતાવો જે કરવાથી અલ્લાહ મને જન્નત અર્પણ કરે, તેઓ ચુપ રહ્યા.

અને મારી વાતનો કોઈ જવાબ આપ્યો નહીં, મેં ફરીવાર તે જ સવાલ કર્યો, તેમણે ફરીવાર પણ કોઈ જવાબ ન આપતાં ચુપ રહ્યા, ત્રીજીવાર ફરી મેં તેજ સવાલ કર્યો, તો તેમણે ફરમાવ્યું કે આજ સવાલ મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને કર્યો હતો, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું હતું કે તમે અલ્લાહના દરબારમાં સિજદા વધુ કર્યા કરો, જે સિજદો પણ તમે અલ્લાહ માટે કરશો તેના બદલામાં અલ્લાહ તઆલા તમારો દરજો જરૂર ઉંચો કરશે. અને તમારો કોઈ ન કોઈ ગુનોહ તેના કારણે જરૂર માફ થશે. મઅદાન (રહ.) કહે છે કે તે પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના બીજા સહાબી હઝરત અબૂ દરદાઅ (રદિ.)ની સેવામાં હાજર થવાનો મને મોકો મળ્યો, મેં તેમને પણ એ જ સવાલ કર્યો, તેમણે પણ તે જ જવાબ આપ્યો, જે હઝરત સૌબાન (રદિ.) એ ફરમાવ્યું હતું.

(١٥٤) عَنْ رَبِيْعَةَ بْنِ كَعْبٍ رض قَالَ كُنْتُ اَبِيْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ فَاَتَيْتُهٗ بِوَضُوْئِهٖ وَحَاجَتِهٖ فَقَالَ لِىْ سَلْ فَقُلْتُ اَسْأَلُكَ مُرَافَقَتَكَ فِى الْجَنَّةِ، قَالَ اَوْ غَيْرَ ذَالِكَ؟ قُلْتُ هُوَ ذَالِكَ، قَالَ فَاَعِنِّى عَلٰى نَفْسِكَ بِكَثْرَةِ السُّجُوْدِ۔

(رواه مسلم)

તરજુમો:– હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી (રદિ.) (જેઓ અસ્હાબે સુફ્ફામાંથી હતા, અને સફર હજરમાં વધુ પડતા હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ખાસ ખાદિમ તરીકે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સાથે રહેતા હતા) બયાન ફરમાવે છે હું એક રાત્રે આપ સલ.ની સાથે આપ સલ.ની સેવામાં હતો, (જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તહજ્જુદ માટે રાત્રે ઉઠયા) તો હું વુઝૂનું પાણી અને બીજી જરૂરતની ચીઝો લઈ સેવામાં હાજર થયો. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ (ખુશીના જોશમાં) મને ફરમાવ્યું રબીઆ કંઈક માંગો, (આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ભાવાર્થ એ હતો કે તમારા દિલમાં જો કોઈ ખાસ વસ્તુની ઈચ્છા અને તમન્ના હોય તો અત્યારે માંગી લો, હું અલ્લાહ તઆલાથી તેના માટે દુઆ કરીશ અને આશા છે કે તે તમારી તમન્ના પુરી કરશે.) હઝરત રબીઆ (રદિ.) કહે છે કે મેં અરજ કરી મારી માંગ એ છે કે જન્નતમાં આપનો સાથ મળે, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું એટલું જ કે એના

સિવાય બીજું કંઈ? મેં અરજ કરી બસ હું તો એટલું જ માંગું છું આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ ફરમાવ્યું: તો તમારી આ માંગણી ખાતર સિજદાઓ વધારે કરી તે વડે મારી મદદ કરો. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– બારગાહે ખુદાવંદીના ખાસ લોકો પર કોઈક વાર એવી હાલતો આવે છે કે તેઓ સમજી શકે છે કે અત્યારે રહમતે હકનું ધ્યાન છે. અને જે કંઈ માંગવામાં આવશે. આશા છે ઈન્શા અલ્લાહ મળી જ જશે. જાહેરમાં જણાય છે કે જે વખતે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ રબીઆ બિન માલિક (રદિ.)ની સેવાથી ખુશ થઈને તેમને ફરમાવ્યું કે : "સલ" જે વસ્તુની તમને જરૂરત હોય તે માંગો તે આવી જ ઘડી હશે. પરંતુ જયારે તેમણે જવાબમાં જન્નતમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો સાથ માંગ્યો અને ફરીવાર પુછવા પર તેમણે એ જ કહ્યું કે મને તો બસ એ જ જોઈએ. એના સિવાય કંઈ નહી, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને ફરમાવ્યું કે "فاعِنّی علی نفسِكَ بِكثُرةِ السُّجُودِ" (તો પછી આ બાબતમાં વધુ સિજદાઓથી મારી મદદ કરો) મતલબ કે આ ફરમાન મારફત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને બતાવ્યું કે તમે જે જન્નતમાં મારો સાથ ચાહો છો. તે ઘણો જ ઉચો અને મહાન દરજ્જો છે. હું તમારા માટે અલ્લાહથી એના માટે દુઆ કરૂં છું, અને કરતો રહીશ. પરંતુ આટલું ઉચુ સ્થાન પ્રાપ્ત કરવા માટે જરૂરી છે કે તમે પણ તેનો હક પેદા કરવા માટે અમલી કોશિષ કરો. અને તે ખાસ અમલ જે તે મંઝીલ સુધી પહોંચાડવામાં ખાસ મદદરૂપ થઈ શકે છે. અલ્લાહના દરબારમાં વધુ સિજદાઓ કરવાનો છે. જેથી તમો તેનો ખાસ પ્રબંધ કરી તમારા એ મામલામાં મારી મદદ કરો અને તમારા અમલથી મારી દુઆને શકિતમાન (મજબૂત) બનાવો.

જાણવું જોઈએ કે હઝરત રબીઆ (રદિ.)ની આ હદીષ અને એનાથી ઉપરની હઝરત સૌબાન (રદિ.)વાળી હદીષમાં વધુ સિજદાઓથી મતલબ વધુ નમાઝો પઢવાનો થાય છે. પરંતુ જન્નત અને તેમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો સાથ પ્રાપ્ત થવામાં નમાઝના બીજા રૂકનો અને ભાગો કરતાં સિજદાઓને વધુ સબંધ છે. એટલા માટે વધુ નમાઝોને બદલે વધુ સિજદાઓનો શબ્દ વાપરવામાં આવ્યો છે. (વલ્લાહુ અઅલમ)

---

# તવહીદની દલીલો અને મુહકમ - મુતશાબેહ આયતોની વિગત

– મુફતી ફરીદ અહમદ કાવી.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

الٓمٓ ﴿١﴾ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ الْحَیُّ الْقَیُّوْمُ ﴿٢﴾ نَزَّلَ عَلَیْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَیْنَ
یَدَیْهِ وَاَنْزَلَ التَّوْرٰىةَ وَالْاِنْجِیْلَ ﴿٣﴾ مِنْ قَبْلُ هُدًی لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ؕ اِنَّ
الَّذِیْنَ كَفَرُوْا بِاٰیٰتِ اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِیْدٌ ؕ وَاللّٰهُ عَزِیْزٌ ذُو انْتِقَامٍ ﴿٤﴾ اِنَّ اللّٰهَ لَا یَخْفٰی
عَلَیْهِ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَآءِ ﴿٥﴾ هُوَ الَّذِیْ یُصَوِّرُكُمْ فِی الْاَرْحَامِ كَیْفَ یَشَآءُ ؕ
لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿٦﴾ هُوَ الَّذِیْٓ اَنْزَلَ عَلَیْكَ الْكِتٰبَ مِنْهُ اٰیٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ
اُمُّ الْكِتٰبِ وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِیْنَ فِیْ قُلُوْبِهِمْ زَیْغٌ فَیَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ
ابْتِغَآءَ الْفِتْنَةِ وَابْتِغَآءَ تَاْوِیْلِهٖ ۚ وَمَا یَعْلَمُ تَاْوِیْلَهٗٓ اِلَّا اللّٰهُ ۘ وَالرّٰسِخُوْنَ فِی الْعِلْمِ
یَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَمَا یَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿٧﴾ رَبَّنَا لَا تُزِغْ
قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَیْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ﴿٨﴾ رَبَّنَآ اِنَّكَ
جَامِعُ النَّاسِ لِیَوْمٍ لَّا رَیْبَ فِیْهِ ؕ اِنَّ اللّٰهَ لَا یُخْلِفُ الْمِیْعَادَ ﴿٩﴾

*તરજુમહ:*
અલિફ. લામ. મીમ. (૧) અલ્લાહ સિવાય કોઈ પણ માબૂદ નથી. તે જીવંત (અને) સંભાળનાર (સાચવનાર) છે. (૨) અલ્લાહે જ આપના ઉપર સત્ય (હક) સાથે એવી કિતાબ ઉતારી છે, જે પોતાનાથી આગલી (આકાશી) કિતાબોનું સમર્થન કરે છે અને અલ્લાહે જ પહેલાં તવરાત તેમજ ઈન્જીલ પણ ઉતારી હતી (૩) (આગલા) લોકોની હિદાયત માટે. અને હક બાતિલનો ફરક સમજાવનાર કિતાબ પણ ઉતારી છે. બેશક, જે લોકોએ અલ્લાહની (તવહીદની) આયતોનો ઈન્કાર કર્યો છે, એમના માટે સખત અઝાબ છે. અને અલ્લાહ જબરદસ્ત બદલો લેનાર છે.(૪) બેશક અલ્લાહ સામે પૃથ્વી તેમજ આકાશમાં કોઈ વસ્તુ છૂપી નથી રહેતી. (૫) તે અલ્લાહ જ માના પેટમાં જેવી ચાહે છે તેવી તમારી શકલ બનાવે છે, તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. તે જબરદસ્ત અને હિકમતવાળો છે, (૬) એ જ હસ્તી (અલ્લાહે) આપના ઉપર કિતાબ ઉતારી. જેમાં અમુક આયતો મુહકમ (એટલે સ્પષ્ટ મતલબની) છે, તે આયતો જ કિતાબ (કુરઆનન)નું મૂળ છે અને બીજી

કેટલીક આયતો મુતશાબેહ (એટલે ગુપ્ત અથવા ગુઢ અર્થવાળી) છે, તો જેઓના દિલો વાંકા છે તેઓ ફિત્નાની શોધમાં અને અને કંઈક (અલગ) મતલબ શોધવા મુતશાબેહાતની પાછળ પડે છે, પણ આવી આયતોનો ખરો મતલબ અલ્લાહ જ જાણે છે. જયારે કે પાકું ઈલ્મવાળા (સાચા મોમિનો) એમ કહી દે છે કે અમે આ આયતો ઉપર પણ ઈમાન લાવ્યા, આ બધી જ આયતો અમારા પરવરદિગાર તરફથી છે. અને આ બધું સમજદાર લોકો જ સમજે છે. (૭) (અને દુઆ માંગે છે કે) હે અમારા પરવરદિગાર ! અમને ખરો માર્ગ દેખાડયો તો હવે પછી અમારાં દિલોને (અવળા રસ્તે) ફેરવીશ નહિ અને અમને તારી પોતાની પાસેથી ખાસ રહમત અર્પણ કર. બેશક, તું ઘણું જ આપનાર છે. (૮) હે અમારા પરવરદિગાર ! બેશક તું સઘળા લોકોને (હશ્રના મેદાનમાં) એક એવા દિવસે ભેગા કરીશ જેના વિશે કોઈ શંકા નથી, (કારણ કે) અલ્લાહ કદી પોતાના વાયદાની વિરુદ્ધ કરતો જ નથી. (૯)

તફસીર : સૂરએ બકરહની જેમ આ સૂરતના આરંભે પણ અલિફ. લામ. મીમ. 'હુરૂફે મુકત્તઆત' એટલે કે અરબી મુળાક્ષરો જોડણી વગર આવ્યા છે. વિદ્વાન મુફસ્સિરોના મત મુજબ એનો અર્થ, ભાવાર્થ, અને હેતુ અલ્લાહ તઆલા જ વધુ જાણે છે. આપણા બંદાઓને લગતો કોઈ હુકમ – માર્ગદર્શન એનાથી સંબંધિત નથી. અમુક વિદ્વાનોએ વ્યકિતગત રીતે એનો મતલબ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ એ આધારભૂત ન કહી શકાય. મુફસ્સિરીનની પરિભાષામાં એને 'મુતશાબિહાત' કહેવામાં આવે છે. એટલે કે કુરઆનની એવી આયતો જેનો કોઈ સ્પષ્ટ અર્થ બંદાઓને સમજાવવાનો આવ્યો નથી. આગળ આયત નં ૬–૭ માં આ બાબતનું પણ વર્ણન આવી રહયું છે.

પ્રથમ પાંચ આયતોમાં તવહીદનું વર્ણન છે. એટલે કે કાફિરો સાથે સીધો સંવાદ છે. પ્રથમ અલ્લાહ તઆલાના એક હોવાના દાવો અને એલાન છે : 'અલ્લાહ સિવાય કોઇ પણ માબૂદ નથી.' પછી અલ્લાહ તઆલાએ એની દલીલ રજૂ કરી છે કે તે એક જ માબૂદ એટલા માટે છે કે, તે જ સદાને માટે જીવંત રહેનાર એટલે સાચા અર્થમાં જીવંત છે. કદી મૃત્યુ નથી પામતો સૂળીએ નથી ચડતો કે ફરી પાછો એણે અવતાર લેવો પડે. અને સઘળી સૃષ્ટિઓનો સંભાળનાર એટલે કે પેદા કરનાર, રક્ષણ કરનાર, પાલન કરનાર અને સઘળું સંચાલન કરનાર છે.

પછી આ તવહીદના દાવાની બીજી દલીલ છે, એટલે કે જે તવહીદની વાત કુરઆન દ્વારા અલ્લાહ તઆલા કહે છે, એ જ વાત આગલી કિતાબોમાં પણ અલ્લાહ તઆલાએ કહી જ છે. અને તવરાત – ઈન્જીલમાં પણ આ બધી વાતો અલ્લાહ તઆલાએ દર્શાવી જ છે.

આયત નં ૩ માં અમુક શબ્દો ઘણા અર્થસભર છે. نَــــزَّلَ અરબી મુજબ એનો અર્થ થાય છે, ધીરે ધીરે ઉતારવું. એટલે કે કુરઆન અલ્લાહ તઆલાએ થોડું થોડું કરીને નાઝિલ ફરમાવ્યું છે. બીજા નબીઓને આખી કિતાબ એક સાથે એક જ મુલાકાતમાં આપી દેવામાં આવી હતી.

بِــالْـحَقِّ હક : (સત્ય)ના અર્થમાં કુરઆનનું સાચું હોવું, દલીલબદ્ધ અને આધાર પુરાવાવાળા હોવું અને જાદૂ, શાયરી કે બકવાસ ન હોવું, બધા જ અર્થ અરબી ભાષા પ્રમાણે શામેલ છે.

مُـصَدِّق એટલે કે કુરઆન, એના પૂર્વેની આસમાની – ખુદાઈ કિતાબોની તસ્દીક – સમર્થન કરે છે. તવહીદની જે વાતો હઝારો વરસ પહેલાં આગલી કિતાબોમાં કહેવામાં આવી હતી, એ જ વાતો કુરઆન કહે છે. આ બાબત દલીલ છે કે કુરઆન પણ એ જ ખુદાએ નાઝિલ કર્યું છે, જેણે આગલી કિતાબો નાઝિલ કરી હતી, આમ કહીને યહૂદીઓ અને ઈસાઈઓને કુરઆન માનવાની તાકીદ કરવામાં આવી છે કે જયારે તમે તવરાત અને ઈન્જીલ માનો છો તો પછી કુરઆનને પણ માની લ્યો. એ પણ અલ્લાહે જ ઉતારી છે.

કુરઆન માટે આ સ્થળે એક વિશેષ લકબ 'ફુરકાન' (فُـرْقَـان)વાપરવામાં આવ્યો છે. ફુરકાન શબ્દ 'ફરક' પરથી બન્યો છે. અરબી મુજબ એનો અર્થ થાય છે : હક અને બાતિલ વચ્ચે ફરક કરનાર. ચોથી આયતના અંતે કહેવામાં આવ્યું કે, અલ્લાહ બદલો લેનાર પણ છે, એમાં ઈસાઈઓ પ્રતિ ઈશારો છે, તેઓ એમ માનતા હતા કે હઝરત ઈસા અલૈ. સૂળીએ ચડીને એમના દરેક અનુયાયી માટે કફફારો અને માફી બની ગયા છે. હવે કોઈ ઈસાઈ ગુનો કરશે તે બધાની પણ માફી થઈ ગઈ છે. અલ્લાહ તઆલા એમને રદિયો આપીને કહે છે કે અલ્લાહ તઆલા ચાહે તો દરેક ઝુલમનો બદલો લેવામાં આવશે.

આયત નં ૫ માં દરેક નાની મોટી વસ્તુ અલ્લાહ તઆલાને આધીન હોવા વિશે અને અલ્લાહની જાણ બહાર ન હોવાનું વર્ણન છે. આ પણ એક રીતે

તવહીદની દલીલ છે. કારણ અલ્લાહ તઆલા સિવાય બીજા જે કોઈને પણ ખુદા માનીને પૂજવામાં આવતા હોય, કોઈ પણ આવી મહાનતા નથી ધરાવતું.

આયત નં ૬ માં અલ્લાહની કુદરતના કરિશ્માનું વર્ણન છે. મા ના પેટમાં અલ્લાહ તઆલા બાળકનું સર્જન કરીને એવી સૂરત આપે છે કે એકસમાન નાક નકશો હોવા છતાં લાખો કરોડો લોકોમાં દરેકની સૂરત અલગ અલગ હોય છે. આ જ કુદરત મુજબ હઝરત ઈસા અલૈ.ને પણ એમની વાલિદહના પેટમાં બનાવવામાં આવ્યા, તો પછી ઈસાઈ લોકો એમને ખુદા સમાન માનીને એમની ઈબાદત કરે તો એ સદંતર ખોટું છે, એ કહેવાનો આશય છે.

પછીની ચાર (૬–૯)આયતોમાં અલ્લાહ તઆલા કુરઆન વિશે એક વિશેષ કાયદો સમજાવી રહયા છે. સૂરતના શરૂમાં વર્ણવવામાં આવ્યું હતું કે, નજરાનના ઈસાઈ લોકોએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવીને ચર્ચા કરી હતી. રસૂલે ખુદાએ એમને દલીલબદ્ધ રીતે સમજાવ્યું કે, અલ્લાહ તઆલા સાથે હઝરત ઈસા અને મરયમ અલૈ.ને માબૂદ સમજવાની માન્યતા ખોટી છે, તો વાત તો એમને સમજમાં આવી ગઈ, પણ કુરઆનના અમુક શબ્દો વિશે એમને મુંઝવણ હતી. કુરઆનમાં હઝરત ઈસા અલૈ.ને 'અલ્લાહનો કલિમહ', 'રુહુલ્લાહ' (અલ્લાહ તઆલાની રૂહ) કહેવામાં આવ્યા છે, જેનો મતલબ એમ થઈ શકે તો તેઓ નબી હોવા ઉપરાંત વિશેષ શકિતઓ પણ ધરાવે છે. એની સમજૂતી માટે આગળની આયતો ઉતારવામાં આવી. સહુપ્રથમ કહેવામાં આવ્યું કે, કુરઆનની આયતો બે પ્રકારની છે. 'મુહકમ' એટલે એવી આયતો કે અરબી ભાષા, ઈસ્લામ તેમજ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને લગતા ઈતિહાસથી વાકેફ માણસ તુરંત એનો મતલબ સમજી જાય. આ જ આયતોને 'ઉમ્મુલ કિતાબ' પણ કહેવામાં આવી. એટલે કે કુરઆનની બુનિયાદ અને આધાર.

આયતોનો બીજા પ્રકાર છે : 'મુતશાબેહ' એટલે કે એવી આયતો જેનો મતલબ માણસને સમજમાં આવે નહીં, ગમે તેમ કરીને એનો મતલબ કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો સાચો અને ખોટો કોઈ પણ મતલબ નીકળી શકે. આવી આયતોનો મતલબ સમજવાની સાચી રીતે આ છે કે પ્રથમ પ્રકારની મુહકમ આયતોમાં જે કંઈ સમજાવવામાં આવ્યું છે, એની જ

રોશનીમાં આ મુતશાબેહ આયતોને પણ સમજવામાં આવે, કારણ કે એ મુહકમ (સ્પષ્ટ) આયતો જ કુરઆનનો આધાર છે. મુતશાબેહ આયતોનો એવો મતલબ કાઢવામાં ન આવે, જે કુરઆનની બીજી આયતોથી વિપરીત કે ઉલટો હોય. જેમ કે કુરઆનમાં અલ્લાહ તઆલાએ અનેક સ્થળે હઝરત ઈસા અલૈ.ના બંદા હોવાનું વર્ણન કર્યું છે. (ઝુખ્રુફ : ૫૯, આલે ઈમ્રાન : ૫૯) અને હઝરત ઈસા અલૈ.ને સૂરએ નિસાઅ ૧૭૧ માં 'અલ્લાહનો કલિમહ' અને 'અલ્લાહની રૂહ' જેવા શબ્દો આવ્યા છે, એનો મતલબ મુહકમ આયતોની રોશનીમાં જ સમજવો રહયો. રૂહ અને કલિમહ શબ્દના અર્થમાં લંબાણ કરીને હઝરત ઈસા અલૈ.ને અલ્લાહના બેટા કરાર દેવા, આયતનો અનર્થ કહેવાય.

કુરઆન સમજવાની આ જ સહી રીત છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, અમુક લોકો જેમના દિલો વાંકા છે, એને કુરઆનની સીધી વાતોના બદલે શયતાનની અસરે ખોટા મતલબ કાઢીને એ મુજબ દીન – ધર્મમાં ફેરફાર કરવાની કુટેવ ધરાવે છે તેઓ આ 'મુતશાબેહ' આયતોની પાછળ પડીને એનો એવો મતલબ વર્ણવવાની કોશિશ કરે છે જે કુરઆનની સ્પષ્ટ આયતોના વિરુદ્ધ હોય, અલ્લાહના નિયમો વિરુદ્ધનો હોય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, કાં તો આવી આયતોનો મતલબ બીજી આયતોની રોશનીમાં જ સમજો અથવા આવી આયતોને છોડી દયો. એનો મતલબ અલ્લાહ જાણે છે. તમારે એની પાછળ પડવાની જરૂરત નથી. સાથે જ અલ્લાહ તઆલા ઉદાહરણ આપે છે કે જે લોકોને અલ્લાહ તઆલાએ ઈસ્લામ અને દીનનું સાચું – ઊંડું જ્ઞાન આપ્યું છે, તેઓ આવું જ કરે છે, આવી આયતો વિશે તેઓ ફકત એટલું જ કહે છે, અમે અલ્લાહ તઆલાએ ઉતારે દરેક વાત ઉપર ઈમાન લાવીએ છીએ. જે મુહકમ અને સ્પષ્ટ છે એના ઉપર સમજવા સાથે અને જે મુતશાબેહ છે એનો મતલબ અલ્લાહને હવાલે કરીને, દરેક વસ્તુ ઉપર ઈમાન લાવીએ છીએ. અને છેલ્લે આ જ્ઞાની આલિમ લોકોની દુઆ વર્ણવવામાં આવી છે કે, હે અલ્લાહ ! ઈસ્લામની સમજ અને તવફીક આપ્યા પછી કયાંક અમારા દિલોમાં શરારત કે વાંક ગુનો આવી જાય એનાથી અમારી હિફાજત ફરમાવો. કારણ કે અમને તારી પાસે ભેગા થવાનું યકીન છે.

---

# તલાકની રીત અને યોગ્ય સમય

● *હઝરત મુફતી આદમ સાહેબ ભીલવણી. દા.બ.*

નિકાહ અલ્લાહ તઆલાની મોટી નેઅમત છે. માટે મીયાં – બીવી બન્નેએ આ નેઅમતની કદર કરવી જોઈએ. અને તલાક અલ્લાહ તઆલાને ઘણી જ નાપસંદ બાબત છે. તલાકના કારણે અલ્લાહ તઆલા નારાજ થાય છે. શયતાન ખુશ થાય છે. યોગ્ય શરઈ કારણ વગર તલાક આપવાથી અલ્લાહ તઆલાનો અર્શ પણ કાંપી ઉઠે છે. જે સ્ત્રી જો યોગ્ય કારણ વગર તલાક માંગે તો એના ઉપર જન્નતની ખૂશ્બૂ પણ હરામ થઈ જાય છે. તલાક એવી બાબત છે જે હલાલ હોવા છતાં અલ્લાહ તઆલાને ઘણી જ ના પસંદ છે. માટે શરઈ કારણો વગર કદી પણ તલાકનો નિર્ણય કરવામાં ન આવે. પતિ – પત્નિમાં વિવાદ કે ઝઘડો થાય તો એના ઉકેલ માટે કુરઆન શરીફમાં જે તદબીરો બતાવવામાં આવી છે, એ અપનાવવામાં આવે.

પતિ – પત્નિ વચ્ચેનો અણબનાવ છેલ્લે હદ સુધી વધી ગયો હોય અને તલાક સિવાય કોઈ બીજો રસ્તો ન હોય તો તલાક આપવાની બેહતરીન રીત આ છે કે, ● ફકત એક તલાક આપવામાં આવે. ● ઓરતના પાકીના દિવસોમાં તલાક આપવામાં આવે. હૈઝના દિવસોમાં તલાક આપવામાં ન આવે. ● હૈઝ પછી પાકીના દિવસોમાં સોહબત કર્યા વગર તલાક આપવામાં આવે.

ઉપરોકત ત્રણ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. આ ત્રણ બાબતોમાંથી કોઈ એક બાબતનું પણ ધ્યાન રાખ્યા વગર તલાક આપી તો તલાકની આ રીત હરામ ગણાશે અને એનો ગુનો લાગુ પડશે. (શામી : ૨/૪૧૮)

## તલાક આપવાની હરામ – નાજાઇઝ રીતો

(૧) એકી સાથે ત્રણ તલાક આપવી હરામ છે. હઝરત મુફતી મુહમ્મદ શફીઅ સા. રહ. લખે છે : એક સાથે ત્રણ તલાક આપવી હરામ છે. પૂરી ઉમ્મતના ઉલમા આ બાબતે એકમત છે. (મઆરિફુલ કુરઆન : ૮/૪૮૩, શામી : ૨/૪૧૯, ફતાવા રહીમીય્યહ : ૨/૧૩૧)

(૨) એક સાથે બે તલાકો આપવી પણ હરામ છે. (શામી : ૨/૪૧૯)

(૩) હૈઝના દિવસોમાં પણ તલાક આપવી હરામ છે. (મઆરિફુલ

કુરઆન : ૮/૪૭૯, શામી : ૨/૪૯૧)

(૪) હૈઝ પછી પાકીના દિવસોમાં શોહર સોહબત કરી હોય તો પછી આ પાકીના દિવસોમાં પણ તલાક આપવી હરામ છે. (શામી : ૨/૪૯૧, મઆરિફુલ કુરઆન : ૮/૪૭૯)

(૫) નિફાસ એટલે કે બાળકના જન્મ પછી ખૂનના દિવસોમાં એક તલાક આપવી પણ હરામ છે. (શામી : ૨/૪૯૧)

હદીસ : એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જાણ કરવામાં આવી કે એક માણસે એની પત્નિને એકસાથે ત્રણ તલાક આપી છે, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણા જ ગુસ્સે થયા અને તકરીર કરતાં ફરમાવ્યું કે, આ શું છે ? અલ્લાહની કિતાબ સાથે રમત રમવામાં આવી રહી છે, હજુ તો હું તમારા દરમિયાન મોજૂદ છું. (નસઈ શરીફ. ફતાવા રહીમીય્યહ : ૪/૪૦૨)

આ હદીસથી સ્પષ્ટ થાય છે કે એક સાથે ત્રણ તલાકો આપવી અલ્લાહ તઆલાની કિતાબ એટલે કે કુરઆન સાથે રમત રમવા અને એનું અપમાન કરવા બરાબર છે. અને એટલે જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગુસ્સો વ્યકત કર્યો.

નોટ : તલાક આપવાની ઉપરોકત પાંચેવ રીતો હરામ છે. પણ એનાથી તલાક થઈ જશે અને હરામ કામ કરવાનો ગુનો લાગુ પડશે.

## *કુરઆન અને હદીસમાં વર્ણવવામાં આવેલ તલાકની શ્રેષ્ઠ રીત*

સૂરએ તલાકની પહેલી જ આયતમાં છે : હે નબી ! (તમારી ઉમ્મતને જણાવી દયો કે,) જો તમે ઓરતને તલાક આપવા ઈચ્છતા હોવ તો એમને ઈદ્દત એટલે કે હૈઝના દિવસો પહેલાં પાકીના દિવસોમાં તલાક આપો. (બયાનુલ કુરઆન)

આ આયતમાં અલ્લાહ તઆલાનો હુકમ છે કે, ઓરતને પાકીના દિવસોમાં જ તલાક આપવી જરૂરી છે. આ આયત જે સંદર્ભે ઉતારવામાં આવી હતી એ જોઈએ તો પૂરી વાત સમજમાં આવી જશે.

ઈમામ બુખારી રહ. અને ઈમામ મુસ્લિમ રહ.એ હદીસ વર્ણવી છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.એ એમની બીવીને હૈઝના દિવસોમાં એક

તલાક આપી, એમના વાલિદ હઝરત ઉમર રદિ.એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે આ ઘટના વર્ણવી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝ. ઈબ્ને ઉમર રદિ. ઉપર ઘણા જ ગુસ્સે થયા. અને ફરમાવ્યું : એ બીવીથી રુજૂઅ કરી લ્યો. એટલે કે એ બીવીને પાછી નિકાહમાં લઈ લ્યે અને પોતાની પાસે રાખે. અને હૈઝના દિવસો પૂરા થઈ જાય અને ફરી બીજા હૈઝના દિવસો પછી પાકીના દિવસો આવે ત્યારે ચાહે તો તલાક આપે. અને તે પણ સોહબત કર્યા વગર. તલાક આપવાની આ જ સહીહ સમય છે. પાકીના દિવસોમાં સોહબત કરી હોય એવી રીતે જ તલાક આપવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સૂરએ તલાકની ઉપરોકત આયતની તિલાવત ફરમાવી.

વિચારો ! આ આયતમાં જરૂરત વેળા કોઈ શરત કે રીત વર્ણવ્યા વગર તલાક આપવાની પરવાનગી આપવામાં આવી છે. પણ એનો મતલબ હદીસ શરીફ મુજબ એક 'તલાક' આપવાનો જ ગણવાનો આવ્યો છે. આમ આયત અને હદીસ શરીફથી માલૂમ થયું કે, (૧) જરૂરત પડયે ફકત એક તલાક આપે. એકી સાથે બે કે ત્રણ તલાક ન આપે. (૨) પાકીના દિવસોમાં જ તલાક આપે. હૈઝના દિવસોમાં તલાક ન આપે. (૩) પાકીના દિવસોમાં સોહબત કરી હોય તો એમાં પણ તલાક ન આપે. અલ્લાહ તઆલાએ દર્શાવેલ તલાકના આ નિયમને અનુસરવામાં આવે તો તલાકનું પ્રમાણ ઓછું થઈ જશે.

### શરીઅત અનુસાર એક તલાક આપવાના ફાયદા

(૧) એક તલાક આપ્યા પછી પતિ–પત્નિને પસ્તાવો થાય અને ફરીથી સંસાર માંડવા ચાહતા હોય તો ઈદ્દત (ત્રણ માસિક)ના સમયગાળામાં ફરીવાર નિકાહ કર્યા વગર પણ સંસાર શરૂ કરી શકે છે. શોહર મોંઢેથી આટલું કહે કે હું મારી બીવીને નિકાહમાં પાછી લઉં છું આમ પહેલા નિકાહ જ જારી રહેશે.

(૨) ઈદ્દત (ત્રણ માસિક)નો સમય પૂરો થયા પછી પણ ફરીવાર તેઓ પતિ – પત્નિ તરીકે રહેવા ઈચ્છતા હોય તો ફકત નિકાહ પઢવા જરૂરી રહેશે. હલાલાની કોઈ જરૂરત નથી. અલબત્ત હવે પછી શોહરને ફકત બે જ તલાક આપવાનો અધિકાર રહેશે.

(૩) એક તલાક આપ્યા પછી ઈદ્દતના દિવસોમાં શોહરથી પરદો કરવો જરૂરી નથી. પૂરા અધિકાર અને શણગાર સાથે શોહરના ઘરમાં રહેવાનો

અધિકાર છે. જેથી ફરીવાર શોહર એના તરફ આકર્ષાય અને રજૂઅ કરી લે અને બંનેનો સંસાર પહેલાંની જેમ ચાલતો રહે. (હિદાયહ : ૨/૩૭૮)

## એકસાથે ત્રણ તલાક આપવાના નુકસાનો

એકી સાથે ત્રણ તલાક આપવાથી બીવી બિલ્કુલ હરામ થઈ જાય છે. અને શરઈ હલાલા કર્યા વગર એની સાથે નિકાહ પણ કરી શકાતા નથી. શરઈ હલાલાનો મતલબ આ છે કે તલાકશુદા સ્ત્રી એની ઈદ્દત (ત્રણ માસિક) પછી કોઈ બીજા પુરૂષ સાથે નિકાહ કરે, બીજો પુરૂષ એની સાથે સોહબત કરે, અને પછી કોઈ કારણે એ પુરૂષ એને તલાક આપે અથવા મૃત્યુ પામે તો હવે બીજા શોહરની ઈદ્દત પૂરી થયા પછી પ્રથમ શોહર ઈચ્છે તો એની સાથે નિકાહ કરી શકે છે.

હલાલાની જે રીત લોકોમાં પ્રચલિત છે એમાં પહેલાંથી બધું નક્કી કરી લેવામાં આવે છે, એ શરઈ રીત નથી. આવું કરનાર ઉપર હદીસ શરીફમાં લાનત ફરમાવવામાં આવી છે. એટલે એ ગુનાહે કબીરહ છે. હદીસ શરીફમાં છે : અલ્લાહ તઆલા હલાલા કરનાર અને જેના માટે હલાલો કરવામાં આવ્યો છે, એ બન્ને ઉપર લઅનત છે.(હદીસ)

ત્રણ તલાક પછી એ જ ઓરત સાથે ફરીવાર નિકાહ થાય એમાં કેટલો બધો સમય લાગી શકે છે એ ઉપરની વિગતથી સમજી શકાય છે. આટલા લાંબા સમય સુધી શોહરને અને જો બાળકો હોય તો એ બધાને ત્રણ તલાકના કારણે જે મુસીબતો વેઠવાની આવી એનું કારણ ફકત આ જ છે કે એકી સાથે ત્રણ તલાક આપવામાં આવી. જો એક તલાક આપી હોત તો આવી પરેશાનીઓનો સામનો કરવાની નોબત આવત નહીં. ખુલાસો આ છે કે હરામ રીતે તલાક આપવામાં પરેશાનીઓ છે, અને શરઈ રીતે તલાક આપવામાં આસાની છે.

મસ્અલહ : મજાક – મસ્તીમાં તલાક આપવાથી પણ તલાક થઈ જાય છે. માટે આ બાબતે મસ્તી મજાક કરવાથી બચવું જરૂરી છે.

મસ્અલહ : તલાક માટે ઓરત એ તલાકનો સ્વીકાર કરે એ જરૂરી નથી. ફકત પુરૂષના તલાક આપવાથી તલાક થઈ જશે.

નોટ : તલાકને લગતી કોઈ પણ બાબત વિશે મોતબર દારૂલ ઈફતાથી સંપર્ક કરીને રાહબરી મેળવવામાં આવે એ બેહતર છે.

# તલાક પૂર્વે સમાધાન કે લવાદની શરત

## કુરઆન, હદીસ અને સામાજિક દૃષ્ટિએ વાસ્તવિકતા શું છે ?

વાત ૧૯૭૮ની છે. ગુવાહાટી, આસામ હાઈકોર્ટમાં તે વેળા એક જજ બહરુલ ઈસ્લામ નામે હતા. પાછળથી તેઓ સુપ્રિમના જજ પણ બન્યા હતા. ગુવાહાટી હાઈકોર્ટમાં જજ હતા એ દિવસોમાં એમની સામે તલાકનો એક કેસ આવ્યો. ચુકાદામાં એમણે લખ્યું કે, તલાક બાબતે સહુપ્રથમ જોવામાં આવે કે કુરઆન શરીફમાં શું કહેવામાં આવ્યું છે. ઈસ્લામી કાયદાનો મુળ સ્ત્રોત કુરઆન જ છે. અને પતિ પત્નિના પરસ્પરના સંબંધો તેમજ તલાક બાબતેની આયતો નીચે મુજબ છે. પછી જજ સાહેબે એમના ચુકાદામાં અમુક આયતોનો અંગ્રેજી અનુવાદ યૂસુફઅલી સાહેબના અનુવાદમાંથી ટાંકી છે. પ્રથમ ત્રણ આયતો સૂરએ નિસાઅ ૧૨૮–૧૩૦ નંબરની છે. જેનો અનુવાદ ગુજરાતીમાં નીચે મુબજ છે :

અને જો કોઇ સ્ત્રીને પોતાના પતિ તરફથી કજિયા – કંકાસ અથવા લાપરવાહીનો ડર હોય તો બન્ને પક્ષ કોઇ પણ પ્રકારે આપસમાં સુલેહ કરી લે તો એમના કંઇ ગુનાહ નથી અને સુલેહ કરવી જ બેહતર છે. વળી, (એવી સુલેહ સંભવિત પણ છે, કારણ કે) દિલમાં કંઈ લાલચ તો હોય જ છે. અને જો

> તમે પુરૂષો (સ્ત્રીઓ સાથે) ભલાઈથી વર્તો અને (લડાઇ–ઝઘડાથી) બચો તો જે કંઇ તમે કરો છો તેનાથી અલ્લાહ સારી પેઠે વાકિફ છે. (૧૨૮) અને તમે (એકથી વધારે પત્નીઓ હોય તો સૌ) પત્નીઓમાં તમે ચાહો તો પણ કદી પણ સમાનતા જાળવી શકશો નહિ, માટે એટલું જરૂર કરો એક તરફ તદ્દન એવા ઢળી ન જાઓ કે એક પત્નીને અદ્ધર લટકતી છોડી મૂકો અને જો પાછલા ઝઘડા વિશે સમાધાન કરી લો, તેમજ હવે પછી ઝુલ્મ કરવાથી બચતા રહો તો અલ્લાહ (પાછલા ગુનાહોનો) બખ્શનાર મહા દયાળુ છે. (૧૨૯) અને જો તેઓ બન્ને છૂટાં પડી જાય તો અલ્લાહ પોતાની ઉદારતાથી દરેકને એક બીજાથી બેપરવા – માલદાર કરી દેશે અને અલ્લાહ ઘણો ઉદાર અને તદબીરવાળો છે. (૧૩૦)

પછી એમણે સૂરએ બકરહની ત્રણ આયતો નંબર ૨૨૯ થી ૨૩૨ સુધીનો

અનુવાદ ચુકાદામાં ટાંકયો છે. જેમાં તલાક, ઈદત વગેરેનું વર્ણન છે. આ આયતો પછી એમણે અબ્દુલ્લાહ યૂસુફ અલી સાહેબના અનુવાદમાં જે કંઈ ફૂટનોટસ છે એ પણ વર્ણવી છે. ત્યાર પછી તેઓ પાછા કુરઆન શરીફની સૂરએ નિસાઅની બે આયતો નંબર ૩૪–૩૫ નો અનુવાદ ઉમેરે છે. જેમાં પારિવારિક જીવનમાં પતિ – પત્નિના સંબંધોમાં બન્નેનું સ્થાન અને જવાબદારીઓની વહેંચણી કરતાં કહેવામાં આવ્યું છે કે,

> પુરૂષો સ્ત્રીઓના વડીલ છે, એટલા માટે કે અલ્લાહ તઆલાએ સમાજના અમુક માણસોને બીજા અન્ય ઉપર પ્રાથમિકતા અને વડવાઈ આપી છે. (આ જ પ્રમાણે પરિવારમાં પત્નિ ઉપર પતિને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે.) અને એટલા માટે પણ કે પુરૂષો (સ્ત્રીઓના ભરણપોષણ વગેરેનો) ખર્ચ પણ કરે છે. એટલે જે જે નેક સ્ત્રીઓ હશે તે ફરમાબરદાર હશે અને અલ્લાહ તઆલાની હિફાઝતની બરકતથી પતિની ગેરહાજરીમાં પણ પતિના માલ અને ઈઝઝત – આબરૂની રક્ષા કરશે. અને જે સ્ત્રીઓ વિશે નાફરમાની કે લાપરવાહીની બીક હોય એમને નસીહત કરો. બિસ્તરથી અલગ કરો અને એમને હળવેકથી મારીને ટકોર કરો. આટલેથી જો તેણી ફરમાબરદાર બની જાય તો એમના ઉપર કોઈ બીજી રીત શોધવાની જરૂરત નથી. અલ્લાહ તમારા કરતાં પણ વધારે મોટો અને મહાન છે એનો ખ્યાલ રાખજો. અને જો તમને સમાજના આગેવાનોને પતિ પત્નિ વચ્ચે વધારે અણબનાવનો ખોફ હોય તો એક (લાયક) લવાદ પતિના કુટુંબ તરફથી અને એક પત્નીના કુટુંબ તરફથી નક્કી કરો. જો આ બન્ને લવાદ (અંતઃકરણપૂર્વક) સુલેહ કરાવવા ચાહશે તો અલ્લાહ તે બન્ને વચ્ચે બનાવ કરી આપશે. બેશક, અલ્લાહ સર્વજ્ઞ (અને) સંપૂર્ણ માહિતીવાળો છે. (સૂરએ નિસા : ૩૪–૩૫)

અત્રે મહત્વની બાબત આ છે કે કુરઆનમાં આ આયતો ઉપરોકત ક્રમ મુજબ નથી. જસ્ટીસ બહરુલ ઈસ્લામે એમના ચુકાદામાં ઉપરોકત ક્રમ (પ્રથમ સુ.નિસા : ૧૨૮–૧૩૦, પછી સૂ. બકરહ : ૨૨૯–૨૩૨, પછી સૂ. નિસા : ૩૪–૩૫) મુજબ આયતોના અનુવાદ વર્ણવીને પોતે એવો નિષ્કર્ષ કાઢયો છે કે, કુરઆનમાં તલાક આપવાની પરવાનગી છે, પરંતુ પુરૂષ તલાકનો

અધિકાર અનિવાર્ય સંજોગોમાં જ વાપરી શકે છે, અને એના માટે તલાક પહેલાં સુલહ અને સમાધાનના પ્રયત્નો કરવામાં આવે એ જરૂરી છે. અને સમાધાન અને સુલહના પ્રયત્નો કર્યા વગર આપવામાં આવેલી તલાક અમાન્ય છે, એટલે કે તલાક પડતી જ નથી. (Gauhati law reports, 1985, 375/ખબરનામા ઓ.ઈ.મુ.પ.બોર્ડ. જુલાઈ –ઓગ. ૨૦૦૭, પેજ ૧૧)

જસ્ટીસ બહરુલ ઈસ્લામે એમના ચુકાદામાં કેરાલા હાઈકોર્ટના જસ્ટીસ ક્રિષ્ના અય્યરના આવા એક ચુકાદાને પણ ટાંકયો છે. આ ચુકાદા પછી સુપ્રિમ કોર્ટે શમીમઆરા કેસમાં પણ આવો જ ચુકાદો આપ્યો. જસ્ટીસ આર.સી. લાહોતીએ એમના ચુકાદામાં મુસ્લિમ લો વિશે મુલ્લા (દીનશા ફરદુનજી મુલ્લા) અને ડો. તાહિર મહમૂદના પુસ્તકોના લખાણો ટાંકીને આવો જ ફેસલો આપ્યો કે તલાક યોગ્ય કારણોસર હોય તો જ માન્ય ગણાશે અને એના માટે સુલહ સમાધાનના પૂર્વ પ્રયાસો જરૂરી છે. નહીંતર તલાક અમાન્ય ગણાશે.

અદાલતોના ઉપરોકત ચુકાદાઓના અનુસંધાને એક વર્ગમાં વિશેષ કરીને ન્યાયવિદોમાં એવી માન્યતા બંધાઈ ગઈ છે કે તલાક પૂર્વે સુલહના પ્રયત્નો થાય અને બન્ને પક્ષો વચ્ચે લવાદ દ્વારા સમાધાનના પ્રયત્નો કરવામાં આવે, એવી શરત કુરઆન માટે જરૂરી ઠેરવવામાં આવી છે. માટે સમાધાનના પ્રયત્નો કર્યા વગર આપવામાં આવેલ તલાક કુરઆન દ્વારા જ અમાન્ય ગણવામાં આવી છે.

ઈસ્લામી કાયદાની દષ્ટિએ આ એક ભૂલ ભરેલી માન્યતા છે. એટલે એની સ્પષ્ટતા કરવી અને સમજૂતી આપવી જરૂરી છે.

પ્રથમ પ્રશ્ન આ છે કે શું કુરઆનમાં તલાક માટે આવી કોઈ પૂર્વ શરત મુકવામાં આવી છે કે એના વગર તલાક અમાન્ય ગણાય ?

જસ્ટીસ બહરુલ ઈસ્લામે ટાંકેલી આયતો અને એના આગળ પાછળની આયતો જોતાં સ્પષ્ટ જણાય આવે છે કે તલાક માટે કુરઆને આવી કોઈ પૂર્વ શરત રાખી નથી.

ચુકાદામાં ત્રીજા સ્થાને સૂરએ નિસાઅની ૩૪ – ૩૫ નંબરની આયત છે, એમાં પત્નિ બાબતે કોઈ શિકાયત હોય તો એનું સમાધાન કેવી રીતે કરવામાં આવે એનું માર્ગદર્શન છે. એના ત્રણ સ્ટેપ બતાવવામાં આવ્યા છે. (૧) નસીહત કરવી અને સમજાવવું. (૨) સહવાસ (શરીરસંબંધ) ઓછો અથવા

બંધ કરવો (૩) હળવેકથી ટપારવું – મારવું. આ ત્રણ રીતો અજમાવવા છતાં પત્નિ બાબતની શિકાયત બાકી રહે તો (૪) બન્ને પક્ષોના લવાદ દ્વારા સમાધાનના પ્રયત્નો કરવામાં આવે. આ સમસ્યા તલાકની જ હોય એ જરૂરી નથી. રહેણી કરણી, ધન – સંપત્તિ અથવા પરસ્પરના અન્ય અધિકારો વિશે જે કોઈ વિવાદ હોય એના સમાધાનનું માર્ગદર્શન છે. અને બન્ને પક્ષોના માણસો નિખાલસ પ્રયાસો કરશે તો સમાધાન થઈ જ જશે, એમ કહીને કુરઆનમાં આ વાત પૂરી કરી દેવામાં આવી છે. સમાધાન ન થાય તો છેલ્લે તલાક આપવામાં આવે એવું વર્ણન છે જ નહીં. જસ્ટીસ બહરુલ ઈસ્લામ જે અર્થઘટન રજૂ કર્યું છે, એ બાબતે એક પ્રશ્ન આ પણ થાય છે કે આ જ આયતના આધારે લવાદ અને સમાધાનના પ્રયત્નો તલાક થવા માટેની શરત માનવામાં આવે તો પછી પ્રથમ ત્રણ બાબતોને પણ શરત ગણાવી જોઈએ, એને કેમ નજરઅંદાઝ કરવામાં આવી ?

ચુકાદામાં પ્રથમ નંબરે વર્ણવવામાં આવેલ સૂરએ નિસાઅની ૧૨૮–૧૩૦ નંબરની આયતોમાં સ્ત્રીને પુરૂષ બાબતે કોઈ શિકાયત હોય તો કંઈક વધઘટ કરીને સુલેહ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. અને છેલ્લે છુટા પડવાની નોબત આવે તો કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા બન્નેને રોઝી આપશે. પણ એવું નથી કહેવામાં આવ્યું કે, સમાધાનના પ્રયાસો સફળ ન થાય તો જ તલાક આપવામાં આવે.

કુરઆન દ્વારા દરેક પ્રકારના ઝઘડાઓમાં સમાધાન કરવા માટે સુ.નિસાઅમાં આપવામાં આવેલ માર્ગદર્શનની આયતોની વચ્ચે જસ્ટીસ બહરુલ ઈસ્લામે સૂરએ બકરહની તલાક બાબતેની આયતો મૂકી દીધી, જેમાં વિશેષ રૂપે તલાકનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

જજ સાહેબે આવું કરીને એવું સમજવાનો અથવા કહો કે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે, કુરઆન કહે છે કે, પ્રથમ સમાધાનના પ્રયાસો કરવા શરત છે, પછી જ તલાક માન્ય ગણાશે. એના વગર તલાક અમાન્ય રહેશે. અલબત્ત આપણે ઉપર જોયું કે કુરઆનની આયતોને ઉપર નીચે મુકીને આ એમણે પોતે કરેલું અર્થઘટન છે. એને ઈસ્લામની કે કુરઆનની રીત કહેવી ખોટી છે. કુરઆનની જે આયતો તલાકના જ હુકમ માટે ઉતારવામાં આવી છે, એ જોઈએ તો એમાં આવી કોઈ શરતનું વર્ણન છે. સુ.બકરહની ચાર આયતો ૨૨૯ થી ૨૩૨, એમણે પોતે પણ રજૂ કરી છે, એમાં કયાંયે તલાક માટેની

આવી કોઈ શરતનું વર્ણન નથી. એમાં ફકત બે વાર તલાક આપ્યા પછી ઈદ્દતમાં રુજૂઅ કરવાની છુટ, ઈદ્દત પછી ફરી નિકાહ કરવાની પરવાનગી અને ત્રીજી તલાક પછી રુજૂઅ અથવા ફરી નિકાહ કરવાની મનાઈનું વર્ણન છે. ઉપરાંત અન્ય હુકમો વર્ણવવામાં આવ્યા છે. પણ તલાક માટે કોઈ આગવી શરતનું વર્ણન બિલ્કુલ નથી.

ઈસ્લામી કાયદાઓ માટે બીજો મુખ્ય સ્ત્રોત હદીસ શરીફ છે. એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાર્યો, કથનો, એમની સમક્ષ રજૂ થયેલ બાબતો વિશે એમની માન્યતા કે અમાન્યતા. કુરઆનની વાતો સહુ પ્રથમ અલ્લાહ તઆલાએ પયગંબર સાહેબને બતાવી અને એમણે આપણા સુધી પહોંચાડી છે. જો કુરઆન મુજબ તલાકની આ જ રીત હોત, જે જજ સાહેબે સમજી છે તો પયગંબર સાહેબે એનું અનુસરણ કર્યું જ હશે. પરંતુ પયગંબર સાહેબ વિશે એવો કોઈ પુરાવો નથી કે એમણે તલાક માટે સમાધાનના પ્રયત્નો કે લવાદ બનાવવાને જરૂરી ઠેરવ્યું હોય. કોઈ અનુયાયી – સહાબીએ તલાક આપી એવા સમાચાર મળ્યા હોય તો તપાસ કરી હોય કે ત્રીજી વ્યકિત દ્વારા સમાધાનના પ્રયત્નો થયા છે કે નહીં ? આ માટે અમુક કિસ્સાઓ જોઈએ.

પયગંબર સાહેબનાં એક પત્નિ હફસહ નામે હતાં. એમને પયગંબર સાહેબે તલાક આપી હતી, પણ પાછળથી અલ્લાહના આદેશ આવ્યો તો ફરી એમની સાથે નિકાહમાં કરી લીધાં. (અબૂદાવૂદ, તબરાની) આ કિસ્સામાં કયાંયે એવું નથી કે પયગંબર સાહેબે પહેલાં કોઈને લવાદ બનાવ્યો હોય, પછી તલાકનું પગલું ભર્યું હોય.

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર એક સહાબી હતા. એમણે પત્નિને એના માસિકના દિવસો ચાલતા હતા, એ દરમિયાન તલાક આપી દીધી. (આવા દિવસોમાં તલાક આપવી ખોટી રીત છે.) પયગંબર સાહેબને ખબર પડી તો આદેશ કર્યો કે, રજૂઅ કરી લ્યો એટલે કે તલાક પાછી લઈ લ્યો અને તે સ્ત્રીને બે વાર માસિક આવે અને પાક થાય પછી ચાહો તો તલાક આપજો. (બુખારી)

ઉપરોકત ઘટનામાં પયગંબર સાહેબે એવું પૂછયું જ નથી કે કોઈને લવાદ બનાવીને સમાધાનના પ્રયત્નો થયા છે કે નહીં ? બલકે જેવી ખબર પડી કે તુરંત આદેશ આપ્યો કે તલાક પાછી લઈ લ્યો.

ઉબાદહ બિન સામિતનું વર્ણન છે કે એમના દાદાએ દાદીને એક હઝાર તલાકો આપી. પયગંબર સાહેબની ખબર પડી તો ફરમાવ્યું કે, એમને ખુદાનો ખોફ નથી. ત્રણ તલાક જ ગણાશે. બાકીની સંખ્યા એક પ્રકારનો ઝુલમ અને ગુનાહિત કૃત્ય છે.

એક સાથે હઝાર તલાકના આંકડાથી સમજમાં આવે છે કે આવેશમાં આવીને તલાક આપી હશે, અને આવી સ્થિતિમાં સમાધાન કે લવાદ બનાવવાનો પ્રશ્ન જ ઉભો નથી થતો.

આવી જ ઘટના ખલીફા ઉમરના સમયમાં સામે આવી તો હઝાર તલાક આપનારના માથા ઉપર કોરડા ફટકાર્યા. પણ કોઈ એવું વર્ણન નથી મળતું કે લવાદ અથવા સમાધાન બાબતે તપાસ કરી હોય.

ત્રીજા ખલીફા ઉસ્માન અને ચોથા ખલીફા અલીના સમયકાળમાં પણ તલાકની ઘટનાઓ બાબતે એમણે જારી કરેલા ફરમાનો–હુકમો હદીસના પુસ્તકોમાં પૂરતી ખરાઈ સાથે લખવામાં આવ્યાં છે, પણ સમાધાનની શરતનો કયાંયે ઉલ્લેખ નથી મળતો. ઉલટાનું દરેક ઘટના દ્વારા એવું જ સમજમાં આવે છે કે તલાકની માન્યતા કોઈ શરતને આધીન હોય એવું છે જ નહીં.

***એમાં ખોટું શું છે ?***

કોઈને એવો પ્રશ્ન થાય કે પતિ – પત્નિના વિવાદ બાબતે સમાધાન અને લવાદ બનાવવાનું માર્ગદર્શન કુરઆન દ્વારા આપવામાં આવ્યું છે, ભલે એમાં તલાકનો ઉલ્લેખ નથી, પણ તલાકની બાબત પણ એમાં સમાવી લેવામાં આવે તો શું વાંધો છે ? આ કરવાથી સમાધાનની શકયતા વધી જશે અને એક ફેમીલી તૂટતાં બચી જશે. પ્રથમ દષ્ટિએ આ સારી બાબત લાગે છે. અને કોઈ માણસ આ રીતને અનુસરે અને સમાધાન સુધી પહોંચવાનો પ્રયત્ન કરે તો એમાં પણ કોઈ વાંધો નથી, બલકે કુરઆનના આદેશનું અનુસરણ જ ગણાશે. પણ મુળ પ્રશ્ન સમાધાનને જરૂરી ઠેરવવાનો છે. કુરઆન કે હદીસમાં તલાક માટે સમાધાનના પ્રયાસોની કોઈ પુર્વ શરત નથી. અને પતિ – પત્નિના નાઝુક સંબંધો તેમજ એમાં રહેલી પ્રાયવેસીને જોતાં અંદરની વાતો કોઈ ત્રીજા વ્યકિત સમક્ષ જાય નહીં એમાં જ ભલાઈ છે. ઘણા સજ્જનો પોતે જ એમ ચાહતા હોય છે કે રાજી ખુશીથી અલગ થઈ જઈએ. કોઈને ડર હોય છે કે એક ઠેકાણેથી અલગ થયા પછી કોઈ એવી બાબત જાહેર ન થઈ જાય કે પછી બીજું ઠેકાણું ન

મળે. ઘણીવાર બન્ને પક્ષો એક બીજા ઉપર ખોટા આરોપ પણ લગાવે છે. અને જયારે છુટા પડે છે ત્યારે એહસાસ થાય છે કે આરોપ – પ્રતિ આરોપના કારણે હવે સમાજમાં આપણું કોઈ સ્થાન બાકી નથી રહયું. ઉપરાંત સમાધાનના પ્રયાસોમાં સમાજના લોકો સામે પતિ કે પત્નિની ઘણી સારી નરસી આદતો અને ખામીઓ જાહેર થઈ શકે છે. સમાધાન અન્ય વિવાદોમાં ગમે તેટલી સારી બાબત હોય, પણ તલાકની અંતિમ શરત સ્વરૂપે તો એ સમાજ માટે પણ સારી બાબત ન જ ગણી શકાય.

## કાનૂની ફરજ અને નૈતિક ફરજનો ફરક

કોઈ પણ કાનૂન અને બંધારણમાં અમુક કાયદાઓ ફરજિયાત હોય છે અને અમુક મરજિયાત. એટલે કે અમુક આદેશોનું પાલન કાનૂની રીતે ફરજિયાત હોય છે અને અમુક આદેશોનું પાલન નૈતિક ગણવામાં આવે છે, એનું પાલન ફરજ અને અનાદર ગુનો નથી ગણાતું. વિશેષ કરીને ધાર્મિક બાબતોમાં તો વધુ પડતા આદેશો નૈતિક જ હોય છે. જેમ કે વડીલોના આદર, પાડોશીઓ અને ગરીબોની મદદ, વગેરે. નિકાહ – તલાકના પણ ઘણા નિયમો આવા નૈતિક સ્તરના છે. જેમ કે માસિક ન હોય એવા દિવસોમાં તલાક આપવી. એને એ દિવસોમાં પણ કોઈ સહવાસ કર્યો ન હોય.

આ આધારે આપણે એવું જરૂર કહી શકીએ કે પતિ – પત્નિના વિવાદ બાબતે સમાધાન અને લવાદ બનાવવાનું માર્ગદર્શન કુરઆન દ્વારા આપવામાં આવ્યું છે, ભલે એમાં તલાકનો ઉલ્લેખ નથી, પણ તલાકની બાબત પણ એમાં સમાવી લેવી જોઈએ. અને લોકોને સમજાવવા જોઈએ કે કોઈ અણબનાવ બને તો ઉતાવળે તલાકનું પગલું હરગિઝ ભરવામાં ન આવે. બલકે વિવાદના ઉકેલ માટે કુરઆને દર્શાવેલ રીતનું પાલન કરવામાં આવે. પ્રથમ સમજાવવામાં આવે, પછી સહવાસ ઓછો કે બંધ કરી દેવામાં આવે. પછી પણ સંબંધો ન સુધરે તો બન્ને પક્ષે કોઈને વચ્ચે નાખીને સુલહ – સમાધાનના પ્રયત્નો કરવામાં આવે. અલબત્ત આ બધી બાબતો જરૂરી અને શરત નથી. જરૂરત હોય તો માણસ શરીઅતના નિયમ મુજબ તુરંત એક કે બે તલાક આપી શકે છે. ખુલાસો આ કે તલાક પૂર્વે સમાધાન અને લવાદની શરત બાબતે એમ સમજવું કે એ સમાજ અને સ્ત્રી માટે ફાયદાકારક છે, એ ખોટું છે, ઉલટાનું એમાં સમાજ અને વિશેષ કરીને પતિ – પત્નિની બદનામી વધારે છે. • • •

# નબવી અખ્લાકના અમુક દષ્ટાંતો

—— મુફતી ફરીદ અહમદ કાવી

---

**સચ્ચાઈ**

સચ્ચાઈ, એમ તો ફકત એક ગુણનું નામ છે. પરંતુ વાસ્તવમાં એ અનેક ખૂબીઓ અને ગુણોનો ગુલદસ્તો છે. સાચો માણસ અમાનતદાર હશે, વાયદા અને કરારનો પાકો હશે. હિમ્મતવાન અને ઉચ્ચ વિચાર ધરાવનાર હશે. બેવડું વલણ કે બે મોંઢાની વાત નહીં કરે. બહાદૂર, નિડર અને વાણી – વિચારમાં સ્વતંત્ર હશે.

એક માણસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યો અને અરજ કરી કે હું ઈમાન લાવવા ઈચ્છું છું, પણ મારા અંદર ઘણી બુરાઈઓ છે. ઝીના, શરાબ અને ઘણી બધી. હું આ બધી બુરાઈઓ એક સાથે નથી છોડી શકતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કંઈ વાંધો નહીં, પ્રથમ એને કલિમહ પઢાવીને મુસલમાન બનાવ્યો અને પછી ફરમાવ્યું કે, એક બુરાઈ આજથી જ છોડી દયો. બીજી પછી શકિત મુજબ છોડીશું. તમે વાયદો કરો કે હવે પછી કોઈ દિવસ જૂઠ નહીં બોલો. એ માણસે વાયદો કર્યો. અલ્લાહની કુદરત કે સચ્ચાઈની બરકતથી ટુંક સમયમાં જ બધી જ બુરાઈઓ એણે છોડી દીધી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કારોમાં 'સચ્ચાઈ'નું સ્થાન સૌથી આગવું અને આગળ છે. અલ્લાહ તઆલાએ પહેલેથી જ આપને એવા સાચા બનાવ્યા હતા કે આખું મક્કા એકી અવાજે આપને 'સાદિક' (સાચા માણસ)ના નામથી બોલાવતું હતું. મક્કાના સરદારોમાં એક સરદાર નઝર બિન હારિસ નામે હતો. બાહોશ અને અનુભવી હતો. તવહીદ અને ઈસ્લામના આમંત્રણ કારણે લોકો જયારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જાદૂગર, પાગલ, વગેરે કહેવા લાગ્યા તો એણે લોકોને કહયું કે, હે કુરૈશના લોકો ! આ નવી મુસીબતનો હજુ સુધી તમે કોઈ હલ શોધી શકયા નથી. મુહમ્મદને ફકત જાદૂગર કે પાગલ કહી દેવાથી કામ નહીં ચાલે. મુહમ્મદ તમારા દરમિયાન જ પેદા થયો છે. ઉછર્યો અને યુવાન બન્યો. અત્યાર સુધી તમારા દરમિયાન એ સૌથી શ્રેષ્ઠ અને સ્વીકાર્ય હતો. વાયદા –કરારનો પાકો, કથનીમાં

સાચો, કરણીમાં ચોખ્ખો અને અમાનતદાર હતો. અને જયારે એની યુવાની ઢળવા લાગી અને એણે તમારી સામે આ નવી નવી વાતો રજૂ કરી ત્યારે હવે તમે એને જાદૂગર કહો છો ? ખુદાની કસમ ! એ જાદૂગર નથી.

રોમના બાદશાહે મક્કાના સરદાર અબૂસુફિયાનને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વ્યકિતત્વની ખરાઈ માટે અમુક પ્રશ્નો પૂછયા હતા એમાં સચ્ચાઈનો સવાલ પણ હતો. અબૂસુફિયાન એ વેળા મુસલમાન ન હતા, મુસલમાનોના દુશ્મન હતા, પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સચ્ચાઈ એવી સ્વીકૃત અને પ્રભાવી હતી, એનો ઈન્કાર શકય જ હતો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર કોઈકે પૂછયું કે,

શું મોમિન બુઝદિલ હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હા.

શું મોમિન બખીલ હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, હા.

શું જૂઠો હોય શકે છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, નહીં.

ગઝવએ બદર પહેલાં મુસલમાનોના એક શત્રુ અખ્નસ બિન શુરૈક અને અબૂજહલ કયાંક ભેગા થયા. અખ્નસ અબૂજહલને એકાંતમાં લઈ ગયો અને પૂછયું કે, હે અબૂલહકમ ! એક વાત પૂછું છું. આપણા બે સિવાય કોઈ ત્રીજું અહિંયા નથી. મને સાચું કહેજે મુહમ્મદ સાચા છે કે જૂઠા ? અબૂજહલે જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! મુહમ્મદ સાચા છે. તે કદી જૂઠું નથી બોલતા. પણ ... કુસય્યની અવલાદ (એટલે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ખાનદાન) કાબા શરીફની ખિદમતની બધી જવાબદારીઓ સાથે નુબુવ્વતનું બહુમાન અને સન્માન પણ પોતાના ખાનદાનમાં લઈ લે તો પછી કુરૈશના બીજા ખાનદાનો પાસે શું રહે ? એટલે હું એમને નબી નથી માનતો.

મક્કામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને મુસલમાનોના મોટા શત્રુ આ બે જ માણસો હતા. અબૂસુફયાન અને અબૂજહલ. બન્ને એક સરખી રીતે આ વાતે સહમત છે પયગંબર મુહમ્મદ સાચા વ્યકિત છે.

### હકારાત્મકતા

હકારાત્મક વિચારસરણી એક પ્રકારનું અમૃતજળ છે. બે કે વધુ માણસો

વચ્ચેના સંબંધોમાં અને વ્યકિત કે સમુહના દિલ અને દિમાગની સફાઈ માટે એ ઘણી જ જરૂરી બાબત છે. માણસ અલ્લાહ તઆલાની તકદીરમાં બંધાયેલો છે, અલ્લાહની મરજી મુજબ સારા નરસા દિવસો અને સંજોગો માણસ ઉપર આવે છે. પણ દરેક સ્થિતિમાં માણસને સારું વિચારવું, એ નબવી તાલીમ છે. રાહતમાં શુક્ર અને મુસીબતમાં સબ્રનો આદેશ તો છે જ, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનાથી આગળ વધીને અલ્લાહ તઆલાનો નિયમ ઉમ્મતને બતાવ્યો કે, અલ્લાહ તઆલા ફરમાવે છે : બંદો મારા વિશે જેવું વિચારે છે, હું બંદાઓ સાથે એવો જ રહું છું. એટલે કે દરેક સ્થિતિમાં હકારાત્મક અને વ્યાજબી વિચારો જ અપનાવો. મુસીબતને પણ મુસીબત ન સમજો, બલકે એમ વિચારો કે આ પણ અલ્લાહ તઆલાએ અર્પેલ એક રાહત છે. કુરઆનમાં હઝરત ઈબ્રાહીમ અલૈ. અને એમની કોમ વચ્ચેનો વાર્તાલાપ ટુંકમાં વર્ણવવામાં આવ્યો છે : હઝરત ઈબ્રાહીમ અલૈ. એમને કહે છે કે આ મુર્તિઓ તમારી વાત કે દુઆઓ સાંભળે છે ? તમને કોઈ લાભ – નુકસાન પહોંચાડવા ઉપર શકિતમાન છે ? તો લોકોએ જવાબ આપ્યો કે, અમે બાપદાદાઓના પગલે ચાલીએ છીએ, તેઓ આવું કરતા હતા એટલે અમે પણ એને જ બરાબર સમજીએ છીએ. મુળ તો હઝરત ઈબ્રાહીમ અલૈ. લોકોને એમની બુદ્ધિ અને સમજને જાગૃત કરવા માંગતા હતા, પણ વરસોની જડતા એકદમ જતી ન હતી, એટલે હઝરત ઈબ્રાહીમ અલૈ. પોતાની વાત રજૂ કરી અને સામા પક્ષની કોઈ નકારાત્મક વાત વર્ણવવાના બદલે હકારાત્મક અભિગમ રજૂ કર્યો : મારો પરવરદિગાર મને ખવડાવે – પીવડાવે છે, બીમાર પડું તો સાજો કરે છે, અને મને એનાથી આશા છે કે મર્યા પછી એ મારી મગફિરત પણ કરશે. ભૂખ, તરસ, બીમારી અને ગુનાહો અને મૃત્યુ, બધી નકારાત્મક બાબતો છે, એ પણ અલ્લાહ તઆલાની કુદરત જ છે. પણ હઝરત ઈબ્રાહીમ અલૈ.એ ખાવા – પીવા, શિફા આપવી અને મગફિરત કરવા વગેરેની હકારાત્મક બાબતો સામે રાખીને અલ્લાહ તઆલાની મહાનતા અને કુદરત વર્ણવી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમી તાલીમ અને કેળવણીમાં એના અનેક ઉદાહરણો મળે છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે પૂરી તકેદારી સાથે એનું આચરણ કરતા હતા એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનચરિત્રથી સ્પષ્ટ સમજી શકાય છે.

● તાઈફના લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણા સતાવ્યા હતા. લોકોના વર્તનથી ઘણા જ ગમગીન હતા. લોહીલુહાણ હાલતમાં બહાર નીકળ્યા. ઉપર જોયું તો એક વાદળ માથા ઉપર ચાલી રહયું હતું અને જિબ્રઈલ અલૈ. એના ઉપર સવાર હતા. હઝરત જિબ્રઈલ અલૈ.એ પુકારીને કહયું કે, આ લોકોએ તમને જે જવાબ આપ્યો છે અને જે વર્તન કર્યું છે, એ બધું અલ્લાહ તઆલાને ખબર છે. અલ્લાહ તઆલાએ પહાડોનો ફરિશ્તો તમારી પાસે મોકલ્યો છે, તમે ચાહો તે એનાથી કામ લઈ શકો છો. પછી એ ફરિશ્તાએ સલામ કરીને અરજ કરી કે, તમે હુકમ કરો તો આ પહાડોને ભેગા કરીને આખા તાઈફ શહેરનો કચ્ચરઘાણ કરી દઉં ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો : ના, ના, મને તો એવી પાકી ઉમ્મીદ છે કે આ નાફરમાનોની અવલાદમાં અલ્લાહ તઆલા એવા લોકો પેદા કરશે જે એક અલ્લાહની ઈબાદત કરશે અને શિર્ક નહીં કરે.

આ કિસ્સામાં આપણે જોઈ શકીએ છીએ કે, તાઈફની સફર અને ત્યાં જે કંઈ થયું એમાં કોઈ એક બાબત એવી ન હતી, જે સારી કહી શકાય. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમના વિશે થોડું પણ બુરું વિચારવું પસંદ ન હતું.

● એક સહાબી અબ્દુલ્લાહ હિમાર નામે હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે ઘણી જ મુહબ્બત કરતા હતા. કદી કદી કંઈ તોહફો પણ પેશ કરતા હતા. એકવાર મદીના બહારથી કોઈ બદુ મધ વેચવા આવ્યો. અબ્દુલ્લાહ રદિ.એ મધનો સોદો કર્યો અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રજૂ કરીને કહયું કે, યા રસૂલલ્લાહ ! આ આપના માટે તોહફો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુબૂલ કરી લીધું. થોડી વાર થઈ એટલે મધ વેચનાર વ્યકિત શોધતો શોધતો અબ્દુલ્લાહ રદિ. પાસે આવ્યો કીમતની માંગણી કરી. અબ્દુલ્લાહ તો ગરીબ માણસ હતા. એમની પાસે પૈસા કયાંથી હોય ? તેઓ મધ વેચનારને લઈને સીધા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યા અને અરજ કરી કે એને મધના પૈસા ચુકવી દયો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અરજ કરી કે, તમે તો મધ મને તોહફામાં આપ્યું હતું ને ? અબ્દુલ્લાહ રદિ.એ કહયું કે, તોહફો જ છે. પણ મેં જેની પાસેથી આ તોહફો ખરીદયો છે, એને આપવા માટે મારી પાસે કંઈ નથી.

અલ્લાહના રસૂલ મુસ્કુરાયા અને મધ વેચનારને એની કીમત ચુકવી દીધી.

અબ્દુલ્લાહ રદિ. દિલથી સાચા – પાકા મોમિન હતા. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ઘણી જ મુહબ્બત કરતા હતા. અલબત્ત અનેકવારની સજા અને તોબા છતાં શરાબ પીવાની આદત એમનાથી છુટતી ન હતી. અનેક વાર પકડીને લાવવામાં આવતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને કોરડા, જૂતા કે લાકડીઓ મારીને સજા કરતા અને છોડી દેતા. એકવાર એમને શરાબ પીધેલી હાલતમાં પકડીને લાવવામાં આવ્યા. સજા કરીને એમને પછી ઘરે જવાની રજા દેવામાં આવી. આ દરમિયાન એક બીજા સહાબીના મોંઢે આ શબ્દો નીકળી ગયા :

હે અલ્લાહ ! આ માણસ ઉપર લાનત કર, કેટલી વાર એક જ ગુનામાં એને પકડવામાં આવે છે.

એમ તો વાત સાચી હતી, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સદાએ હકારાત્મક પાસાને જ સામે રાખતા હતા. પેલા સહાબી રદિ.ને ફરમાવ્યું કે, ખુદાની કસમ ! હું તો એમના વિશે ફકત એટલું જ જાણું છું કે તેઓ અલ્લાહ અને એના રસૂલ પ્રત્યે ઘણી જ મુહબ્બત રાખે છે. તમે તમારા ભાઈ વિશે આવા શબ્દો બોલીને શયતાનની મદદ ન કરો.

ઉપરોકત ઘટનામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અનેક વારની નાફરમાની છતાં હઝરત અબ્દુલ્લાહ રદિ.માં જે હકારાત્મક બાબત હતી એને જ યાદ રાખી, બાકી બધી બુરાઈઓ સજા કરીને ભૂલી જતા હતા. આ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કાર છે. સામાન્ય માણસો અને બીજા સરદારો સદાઓ એમના તાબા હેઠળના લોકોની બુરાઈઓ અને ભૂલો યાદ રાખે છે. મહાન માણસો અને સમાજ તેમજ કોમના સાચા રાહબરો લોકોની ખામીઓ ભૂલીને એમની ખૂબીઓથી કામ લેતા હોય છે. આવી રીતે જ સમાજ અને કોમનું ઘડતર થાય છે અને તે પ્રગતિ કરે છે.

● એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મદીનાના એક મહોલ્લામાં પહોંચ્યા. ત્યાંના લોકો આપને મળવા ભેગા થઈ ગયા. એક માણસ માલિક બિન દખ્શન દેખાયા નહીં, કોઈકે કહયું કે, તે મુનાફિક થઈ ગયો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તુરંત ટકોર કરી કે, આમ ન બોલો. તેઓ 'લા ઈલાહ ઈલ્લલ્લાહ....' નો એકરાર કરે છે. એટલે કે તેઓ મુસલમાન છે.

.હિજરી સન ૬ માં હુદયબિયહ વેળા મક્કા વાળાઓ સાથે દસ વરસ સુધી લડાઈ ન કરવાની સુલહ થઈ હતી, પણ મક્કાના લોકોએ આ સુલહ અનેક વાત તોડી હતી, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મક્કા ઉપર ચડાઈ કરવાની નિર્ણય કર્યો. અને મદીના શરીફમાં એની તૈયારીઓ શરૂ કરવામાં આવી. તૈયારી સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવી હતી અને દરેકને તાકીદ કરી દેવામાં આવી હતી કે આપણી તૈયારીની વાત મદીના બહાર જાય નહીં. આમ છતાં એક સહાબી હઝરત હાતિબ રદિ.એ એમના અમુક લાભ સામે રાખીને આ તૈયારીના સમાચાર મક્કા પહોંચાડવા માટે એક સ્ત્રીને પત્ર લઈને મક્કા મોકલી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ આ જાણકારી આપી દીધી તો એ સ્ત્રીને પત્ર સાથે અર્ધા રસ્તેથી પકડી પાડવામાં આવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હાતિબ રદિ.ને બોલાવ્યા અને પૂછયું : હાતિબ આ શું છે ?

હઝરત હાતિબ રદિ. ભૂલ ઘણી જ મોટી હતી. ગુપ્ત સમાચાર શત્રુને આપવામાં કતલ સિવાય એની કોઈ સજા ન હોય. એટલે તુરંત હઝરત ઉમર રદિ. બોલ્યા કે, યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો, હું આ મુનાફિકનું માથું ધડથી ઉડાવી દઉં !

પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો :

ઉમર ! નહીં ! તેઓ બદરની લડાઈ વેળા આપણી સાથે હતા.

એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હાતિબ રદિ. પાછલી નેકીઓ યાદ હતી, એને સામે રાખીને ફરમાવ્યું કે, બદર જેવા સમયે જે માણસ આપણી સાથે હતો, એ હવે આપણો દુશ્મન કે મુનાફિક ન હોય શકે. એમનાથી ભૂલ થઈ હશે. અને પછી એમને પૂછપરછ કરી. એમણે કહયું કે, હું પાકો મુસલમાન છું. પણ મક્કામાં મારા ઘરવાળાઓ અને માલ છે, હું એમ વિચારતો હતો કે આટલી જાણકારી મક્કાના લોકોને આપી દઉં તો એના બદલામાં તેઓ મારા ઘરબાર અને માલને નુકસાન ન કરે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું તમારી વાતને સાચી સમજું છું અને હે લોકો ! તમે પણ એમને સાચા જ સમજો.

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ.મુફતી અહમદ દેવલા સાહેબ
સદર મુફતી જામિઅહ જંબુસર

**મસ્જિદ કે નીચે બયતુલ ખલા વગેરા બનાના**

સવાલઃ અર્ઝ કે હમારે ગાંવમેં મસ્જિદકા તા'મીરી કામ હો રહા હે, જિસકી બુનિયાદ કોલમ પર લી ગઈ હે, ઔર ઉપર સ્લેબ લેકર નીચે હોલ ઔર ઉપર જમાઅતખાના બનાયા હે ઔર મસ્જિદકી શરઈ હદ જહાં ખત્મ હોતી હે, વહાં નીચે કી જાનિબ હોઝ ઔર ઉપર કી જાનિબ સહનકા હિસ્સા હે, ઔર મસ્જિદકે લિયે જિતની જમીન થી, વો ઈસ્તિઅમાલ હો ચૂકી હે, ઔર બાજુમેં કોમ્યુનીટી હોલકી જગા હે.

અબ અસ્અલા યે હે કે મસ્જિદ કે લિયે બયતુલખલા વગૈરહ કી જરૂરત હે, ઔર વો કોમ્યુનીટી હોલમેં કમીટી બનાનેસે મના કર રહી હે, તો અબ બૈતુલખલા, ગુસલખાના વગૈરહ ઈબાદતખાનાકે નીચેવાલે હોલમેં બના સકતે હે યા નહીં ? યાદ રહે કે જિસ જમીન પર મસ્જિદવાલા હિસ્સા હે વહાં અવ્વલસે નિય્યત મસ્જિદ કી હે તો નીચેવાલે હોલ કો ઈન જરૂરિયાત કે લિયે ઈસ્તિઅમાલ કર સકતે હૈં ?

જવાબ : حامدا مصليا و مسلما

ફતાવા દારૂલ ઉલૂમ – દેવબંદ, જિલ્દ નંબર ૧૩ મેં મસ્જિદકે નીચે ગુસલખાના, બયતુલખલા વગૈરહ બનાનેકે સિલસિલેમેં હઝરત મુફતી અઝીઝુર્રહમાન સા. (રહ.) તહરીર ફરમાતે હૈં, " મસ્જિદ આસમાન તક ઔર ઈસી તરહ તહતષ્ષરા (જમીનકે નીચે) તક મસ્જિદ હય, પસ જબકે સબ નીચે સે ઉપર તક મસ્જિદ હય તો જાહિર હે કે પાખાના વ ગુસલખાના વ દુકાને મસ્જિદકે નીચે બનાની દુરૂસ્ત નહીં હૈં..... ઔર યહ બિલકુલ મસ્જિદકે અહકામ વ આદાબકે ખિલાફ હય" (૧૩ /૩૫૦,૩૫૧)

ફતાવા મહમૂદિય્યહ મેં હય જો જગહ એક દફઅ (મરતબા) શરઈ તૌર પર મસ્જિદ બના દી ગઈ ઔર નમાઝે જમાઅત કે લિયે મખ્સૂસ કર દી ગઈ

વો હમેંશા કે લિયે મસ્જિદ બન ગઈ, ફિર ઉસ કા કોઈ ભી હિસ્સા દૂસરે કામ કે લિયે મખ્સૂસ વ મુતઅય્યન કર દેના જાઈઝ નહીં, મષલન તહારતખાના, ગુસલખાના બના દેના કે વહાં નમાઝ ન પઢી જા સકે, દુરૂસ્ત નહીં. (૧૪ / ૫૩૭ જદીદ)

લિહાઝા સવાલમેં મજકૂર "મસ્જિદ" મેં શુરૂ સે જો હિસ્સા મસ્જિદ કે લિયે ખાસ કિયા ગયા વો નીચે સે લેકર ઉપર આસ્માન તક મસ્જિદ હી રહેગા, ઉસ કે નીચે બયતુલખલા, ગુસલખાના બનાના જાઈઝ નહીં હે, જૈસા કે મઝકૂરહ બાલા ફતાવા સે યહ બાત જાહિર હૈ, ફકત વલ્લાહુ અ'અલમુ બિસ્સવાબ. (તા. ૩૦ / ૧૦ / ૧૪૩૦ હિજરી. ૨૦/૧૦/ ૨૦૦૯ ઈસ્વી)

## મુસલમાનને 'કાફિર' કહેવાનો હુકમ

સવાલઃ કોઈ મોમિનભાઈ જે પોતાને પાકો મુસલમાન પરહેઝગાર માનતો હોય અથવા નમાઝ, રોઝા, ઝકાત, હજ અને તૌહીદ પર પાબંદ હોય, છતાં પણ એ વ્યકિત બીજા મોમિન માટે નોન મુસ્લિમ (કાફિર)નો લકબ આપી શકે ? જવાબ આપવા મહેરબાની કરશો.

(૨) આમ કોઈ પણ મુસલમાનને ગૈરમુસ્લિમ કહેવાથી જે તે વ્યકિત અથવા તેના સગા સંબંધીઓ ને દુઃખ થાય તો તેમની માફી માંગવી જોઈએ કે નહીં ?

જવાબ : حامدا مصليا و مسلما

એક મુસલમાનને શરઈ કારણ વિના "કાફિર" કહેવું સખત ગુનાહિત કૃત્ય છે, આવી સૂરતમાં કુફ્રના દરજાનો ગુનાહ લાગુ થાય છે, બુખારી શરીફમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) થી રિવાયત છે કે હઝરત રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : "જે કોઈ પોતાના (મુસલમાન) ભાઈને "હે કાફિર" કહે તો બેમાંથી એકને કુફ્ર લાગુ થાય છે. (૨ / ૯૦૧) (ફતાવા મહમૂદિય્યહ : ૨ / ૪૭૭) માટે આ પ્રકારે કોઈ મુસલમાન ભાઈને સંબોધવાથી ખૂબ જ સાવચેતી વર્તવામાં આવે કે આ ખૂબ જ ખતરનાક બાબત છે.

(૨) બધાની સમક્ષ આ રીતે સંબોધન કર્યુ હોય તો બધાની સામે જ પોતાની ભૂલનો ઈકરાર કરી માફી માંગે, નહીં તો એકાંતમાં માફી માંગી લે, અને પોતે અલ્લાહ તઆલાથી તોબા પણ કરે. (ફ.મહમૂદિય્યહ જદીદઃ ૨ /૪૭૫ ના આધારે) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*(૧૮ / શવ્વાલ ૧૪૩૦ હિજરી – ૮ /૧૦ /૨૦૦૯ ઈસ્વી)*

બોધકથા .

કયાંક એક મોટા સ્ટેચ્યુ – પૂતળા પાસે બે ઘોડેસ્વારો આમને સામને ભેગા ગઈ ગયા. બનાવનારે ઘણી જ મહેનતથી આ પ્રતિમા બનાવી હતી. અને આગળ પાછળ બે અલગ અલગ રંગોથી શણગારી હતી.

બન્ને માણસો આમને સામને ઉભા રહીને આ પૂતળાની સુંદરતાના વખાણ કરવા લાગ્યા. ધીરે રહીને વાત એના રંગ સુધી આવી તો બન્નેનો મત વિરોધાભાસી થઈ ગયો. એક કહેતો કે એનો રંગ કેસરી છે અને બીજો કહેતો કે લાલ છે. વાત વધી પડી. બન્ને જણા પોતાની વાત ઉપર અડગ હતા અને બીજાને ખોટો કહેતા હતા.

વાસ્તવિકતા એ હતી કે પૂતળાને આગળ પાછળ બે અલગ અલગ રંગોથી રંગવામાં આવ્યું હતું અને આ બન્ને સવારો સમક્ષ પુતળાની એક જ બાજુ હતી એટલે એમ જ સમજતા હતા કે આખું પુતળું આ જ રંગનું છે. બન્ને વચ્ચે થયેલ ઉગ્રતા અને જીદના કારણે એ શકય જ ન હતું કે તેઓ પોતાનું સ્થાન બદલીને બીજાને સ્થાને જઈને એની વાતને સમજવાનો પ્રયત્ન કરે. જો બન્ને માણસો સાથે ઉભા રહીને એક નજરે જોવાનો પ્રયત્ન કરત તો આ વિરોધાભાસ સામે ન આવત એ સ્પષ્ટ હતું.

આપણા જીવન, વિચારો અને વહેવારમાં પણ કંઈક આવું જ બનતું હોય છે. દરેક માણસ એની પોતાની નજરે બધું જોવાનો અને સમજવાનો પ્રયત્ન કરે છે. સામે વાળાની નજર અને સમજ પ્રમાણે શું હોય શકે એ જોવા કે વિચારવાની તસ્દી નથી લેતો. પરસ્પરના સંબંધો અને વહેવારોમાં આપણે આટલું કરતા થઈ જઈએ અને સંબંધોને સામે વાળાની નજરે પણ સમજવાની – વર્તવાની કોશિશ કરીએ તો કદી વિરોધાભાસ કે મનદુખની નોબત જ ન આવે.

---

# No need of Uniform Civil Code in Secular India

*[Two days (December 21-22, 2017) National Seminar on Constitutional Quest for Uniform Civil Code: Consensus, Compulsion or Mirage was held at Centre for Culture and Development - Vadodara. The chairperson of the Law commission of India, India's topmost political philosopher, additional solicitor general, renowned advocates, activists and social scentists were invited, The president of Jamiah (Mufti Ahmed Devlavi Damat barkatuhum) was also invited. He has attanded the first session and presented his seminar themes.]*

Article 25 of the Indian constitution gives full freedom to the religion and conduct of the religion of every citizen of India. It has been said that everyone has the right to freedom of inter connection same basis. It is the right to be independent that he believes in religion. Following it, Propagate religion will be according to the choice of the person's will, it has been said under the "cultural rights" of the constitution, anyone who is an Indian citizen, who protect his own specially religious freedom comes under the basic rights of the citizen.

In the constitution of the country gives religion liberty to the citizen of the country and the citizen himself/herself prefer to stick to the culture language their own religions then they have referred to article 44. "Apply Uniform Civil Code with law in the country; It was against the core of constitution itself. As long as there are such groups in the country, who understand Uniform Civil Code in their religion, an interfere in their religion and dislike this interfere the given tights by the constitution a cordon on the rights. Then it is considered as a unconstitutional law.

India is country of different religions, different cultures

and different languages; different classes live with one another with love. Generally, every believer of the religion likes to stick his religion. On the contrarary they do not accept an interfere in their religious matters then why raise twinge to rub stomach?

The logic of the Uniform Civil Code is that because of the Uniform Civil Code the peace and social core and security will be maintained. But it is not so. The believers of the Uniform Civil Code have been also fighting with each other. For example, Kauravas and Pandavas were cousins in ancient India. Both of them had the Uniform Civil Code, though they fought Mahabharat war. In the First World War (1914-18) one side Italy and Germany and on the other side there were Britain and France warriors of the both side were Christians. There was fierce battle between them. Both sides have the Uniform Civil Code though the fierce battle was fought between them.

Actually, politics of election plays important role than religions differences for social communal riots in our country. It is better to think about the option of the politics of election than to be in deadlock of Uniform Civil Code. Former Administrator of RSS Guru Golvarkar inaugurated the Din Dayal research centre in Delhi on August20,1972. Speaking on this occasion, he said that the Uniform Civil Code is not an inevitable for national unity. His interview on this topic was published in the Motherland in 21August, 1972. He summarized what he said in the interview. " I do not understand that we need a Uniform Civil Code to mobilize love for Nation. This kind of legislative equality has not relation with the National Unity. India has always been a country of Diversities. However, we have been strong and organized people for long periods. We need harmony, not similarity. According to my permission (view) Prakruty(Nature) does not lide excessive homogiety, we have a long and wide experience of life. Our experience says that Diversity and Unity can be possible together. There is also law of Uniform Civil Code in our constitution,

but something is not acceptable because it is written in some format. In fact, our constitution is composition of foreign. It has not been formulated on the basis of Indian experiences. Those who consider themselves as disciples of Guru, they feel proud following their thoughts and understand it for their progress though they are shouting for the Uniform Civil Code and they have to think about their Guru's thoughts. If we say something, they will argues and complain.

How can you neglect diversity? Diversities are the law of the nature. Diversities are seen in each and every objects of this creation and in human beings. Every person is different from the other person. Not only from the image, of the thumb but also are different from the other. The garden blossoms because of the diversities and colorfulness.

One famous poet "Zaukh Dehalvi" said that -

"GULHA-E-RANGA RANG SE HAI ZEENAT-E-CHAMAN
AY ZAUKH,
IS JAHAN KO HAI ZAIB IKHTELAF SE"

The basic principle of Hindu ideology is equality of all religions, means that all the religions are true. The fundamental characteristic of Hinduism is "Unity in diversity." Hinduism believes that the external forms of truth are deferent but the internal truth is the same. We can say that or it can be said that the faith of Hinduism is to see unity in diversity. In such situation this matter is against the perspective of Hinduism that to try to implement Uniform Civil Code by recovering (terminating) the Personal Law Boards of different religions.

All the developed countries including Britain, France, Germany have the 'Multi-Cultures". It is noted that from a very tiny nation Singapore to a gigantic nation America has progressed by following the same rules in every place- Even Soviet Union tried to use political power to make itself 'Uni Culture Nation', but vanished itself.

Now let's talk about Islam and Muslims. Islam and

Muslims have such a body of "Shariah" that provides a complete guidance in all aspects and adequate that they provide guidance in all the areas of life from the child's birth to death. There isn't any command that is beyond the manpower. Besides praying, Islam has shown moral values for trade and commerce. Islami "Shariah" has shown mentioned the rules and values from personal life to worldly life. By taking the limitations of man and woman in consideration, Islam has made man responsible for maintenance of woman as man is more powerful than woman both ways mentally and physically. The same way woman is ordered to honour the man. Just as Islam has made children responsible for their parents and guardiance.

Here, it is remarkable that in Islam, the natural needs/requirements of "Human beings" are considered. Here, I present an example of a 'woman'. Generally women are weak in comparison of men. Therefore Islam has ordered a man to protect her safety, happiness and anxiety. Here, it is inevitable to mention the harsh/bitter reality that baby boy born is celebrated happily in society, but the birth of girl child is considered as a burden in society and sometimes kills her. Before Islam, The girl child is killed by her owner. So, Islam shows that to bring up girl child with good care is a good deed in comparison of boy child. Prophet Muhammad (S.A.W.) told the same by showing his two fingers that whoever has two daughters and treated them well, he will definitely live with me so near in heaven like these two fingers. In fact, Islam has given a right to woman to choose her partner/her husband. If the marriage has been done without her wish, her desire is not accepted by Islam as a real Nikah.

There is so easy way to marry in Islam just as easy to divorce, too. Marriage is not such an absolute bondage that one can't get out of it. In some circumstances, if the maintenance between husband and wife become impossible, then divorce is an inevitable requirement.

Sometimes, we read in newspapers that "Geeta drank poison", "Sita ended her life by hanging herself with sari" or "Kawita died of blast in stove" or "Savita died of blast in cylinder." Very first, these are considered as suicides but there are killing.

If we adopt the man made laws, then we will have to be ready to suffer bad results like above. In fact, it is also remarkable that the process of divorce is easier in Islam than other religions. In spite of having an easy process of divorce, the average level of dovorce in Muslims is very less in comparison of other religions.

The logic behind to terminate Muslim Personal Law is stated that although the criminal, Law is of Islam is a part of Islami "Shariah", it has not been implemented in country. And our country is following Gair-Muslim, Non-Muslim law. And hence there isn't any need of Muslim Personal Laws. This type of logical thinking is dangerous and strange. Do the urban areas like Delhi suffering from pollution, so should we pollute villages, weather it is criminal law or social law, has its own importance on its place. Muslims can never think to destroy their rules of their "Shariah". If the criminal law cannot be implemented/enforced due to adverse condition, it doesn't mean that it should be terminated.

Our constitution has given approval to Muslim Personal Law. And Muslims themselves have deep faith in "Shariah" and follow the commands given in Islam strictly and this is the constitutional right of Muslims. Muslims will never be ready to leave their Islamic beliefs and faith and adopt Non-Islamic ideology. If somebody is ready to implement, it is his/her own perspective and not the perspective of whole Muslims Community. On saying of very few nacheries like Hamid Dalwai, a non-shariah law cannot be applied on the whole Muslim Community. We can find persons like Hamid Dalwai in all religions but their opinion cannot be considered as the opinion of whole community. ▪ ▪ ■ ■

### અત્યારે જ કરી લ્યો.

બધા જ એમ ચાહે છે કે તોબા કરીને જ મરીશું, પણ મરતાં સુધી કોઈ તોબા નથી કરતું. માટે હે ભાઈ ! જલદીથી તોબા કરી લે. આપણા મૃત્યુથી બજારો બંધ નથી થવાના. પોતાની હેસિયત સમજીને અત્યારે જ સીધે રસ્તે આવી જવાની જરૂરત છે.

### જોયા પછી ફેસલો કરીશ.

હારૂન રશીદે એકવાર સલતનતના વડા કાજી ચીફ જસ્ટીસ અબૂયુસુફને પુછયું કે, આપના માટે શું મંગાવું ? ફાલૂદો કે લોઝીના ? એમણે જવાબ આપ્યો કે બન્નેને જોવા વગર હું કોઈ ફેસલો ન કરી શકું.

### અહમદ બિન હમ્બલ

અબૂદાઉદ સજિસ્તાની કહે છે કે, હું ૨૦૦ મોટા વિદ્વાનોને મળ્યો. પણ અહમદ બિન હમ્બલ જેવું કોઈ ન મળ્યું. લોકોની જેમ દુનિયાની કોઈ વાતમાં કદી રસ લેતા ન હતા. હા, ઈલ્મની વાત કરવામાં આવે તો જરૂર એ ચર્ચામાં ભાગ લેતા હતા.

### વુઝૂ માટે ગરમ અને ઠંડું પાણી

એકબુઝુર્ગનું કથન છે કે, ઠંડીના દિવસોમાં નમાઝના સમયે ઠંડા પાણીથી વુઝૂ કરવાની હિમ્મત માણસના ઈમાનની મજબૂતીની દલીલ છે. આવા માણસને ઘણો વધારે સવાબ મળે છે. પણ આવી સ્થિતિમાં જો ગરમ પાણી ઉપલબ્ધ હોય તો તેનાથી વુઝૂ કરવું અફઝલ છે. કારણ કે એનાથી વુઝૂ શાંતિથી, સારી રીતે, સુન્નત મુજબ પરિપૂર્ણ રીતે કરી શકાય છે.

### કુવા અને તરસની વચ્ચે

એક ગુલામ એના માલિક માટે કુવા ઉપરથી પાણી ભરતો હતો. એની આ રોજની ડયુટી હતી. કોઈકે એને પૂછયું કે, શું હાલ છે ? એણે જવાબ આપ્યો કે, એક તરફ આ કુવો છે, જે સુકાતો નથી અને બીજી તરફ અમુક તરસ્યા છે, જે કદી ધરાતા નથી. બન્નેની વચ્ચે ફસાયો છું.

### રોઝી રોટીની ફિકર

માણસ હુનરમંદ અને કાબેલ હોય તો એની અમુક તમુક ખામીઓ છુપાયેલી રહે છે. અને લોકો એની કદર કરે છે, પણ ગરીબી કે રોઝી રોટીની જરૂરત એવી એવો એબ છે એની સામે માણસની ગમે તેવી કાબેલિયત પણ છુપાય જાય છે.

### માલદારીનું પ્રથમ પગલું

માલદાર બનવાનું પહેલું પગલું કીચન છે. એટલે કે ખાવા પીવાની ફુઝૂલ ખર્ચી જ ઘરમાં તંગી પેદા કરે છે.

### અધુરું જ્ઞાન

અધુરું જ્ઞાન માણસ માટે ખતરારૂપ છે. આ અમૃતસાગરનું પીણું છે, થોડુંક પીશો તો મદહોશ અને નશામસ્ત થઈ જશો અને પેટ ભરીને પીશો તો દિલ – દિમાગના દરવાજા ખુલી જશે.